# અધ્યાત્મ



વર્ષઃ ૪૭, એપ્રિલ ૨૦૨૫, અંકઃ ૭

॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય શ્રીયોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રીનારાયણ જાની

**સંપાદક :** શ્રીતરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રીઆશિષ વી. ગોહિલ P.966 466 9052

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'


ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। દસ વર્ષ માટે **૨૫૦/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

# ॥ ગુરુ માફી માગે છે ॥

ઝેન ગુરુ શોએન શકુ પ્રકાંડ વિદ્વાન હતા અને તેટલા જ જીવનની ક્ષણેક્ષણ ઝેન જીવી જાણનારા હતા. મૃત્યુ સમયે તેમની ઉંમર ૬૦ વર્ષની હતી. પરંતુ તે દરમ્યાન તેમણે ઝેનનો ખૂબ પ્રચાર કર્યો હતો. અનેક શિષ્યો તૈયાર કર્યા હતા. આખી જિંદગી તેમણે દિવસરાત મહેનત કરી. એક પળનો પણ દુરુપયોગ કર્યો નહિ. તેમના શિષ્યો ઘણીવાર બપોરે જ સૂઈ રહેતા હતા, પરંતુ પોતે આખો દિવસ કાંઈ ને કાંઈ પ્રવૃત્તિ કરતા રહેતા.

૧૨ વર્ષની નાની ઉંમરે તેઓ ટેન્ડાઈ સ્કૂલમાં ઝેન શીખવા રહ્યા હતા. એક દિવસ એવું બન્યું કે ઉનાળાના દિવસો હતા, ઠંડો પવન વાતો હતો, શોએન શકુ જમીને જરાક આડા પડ્યા. બારણા વચ્ચે જરાક ઊંઘ આવી ગઈ. ખાસ્સા ત્રણ કલાક ક્યાં વીતી ગયા તેની ખબર જ ના રહી.

એટલામાં ગુરુએ મઠમાં પ્રવેશ કર્યો. શોએન ચોંકી ગયો, સફાળો બેઠો થવા જાય છે ત્યાં જ ગુરુજી છેક નજદીક આવી ગયા.

'મને માફ કરજો', 'મને માફ કરજો' એમ બોલતાં-બોલતાં ગુરુ તો તેના પગને ઓળંગીને ઓરડામાં દાખલ થયા. જાણે કોઈ મહેમાન બેઠા હોય અને તેના શરીરને ઓળંગીને જવાથી કોઈ મોટો અવિવેક થઈ જતો હોય તો તેમ માફી માગતા ગુરુ ગયા.

એક ક્ષણમાં આ બધું એટલું જલદી બની ગયું કે શોએન તો ગભરાઈ ગયો, શરમાઈ ગયો. જલદીથી ઊભો પણ થઈ ના શક્યો.

એ પ્રસંગ પછી આખી જિંદગી સુધી શોએન કદાપિ બપોરે સૂતા નહિ !

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥ ॥ ૐ 'મા' સર્વેશ્વર્યૈ નમઃ ॥

# (એપ્રિલ ૨૦૨૫)

'જેમના અસ્તિત્વના અંશેઅંશમાં પ્રભુપ્રેમ આવિષ્કૃત થઈ ચૂક્યો છે, જે સ્વયં દિવ્ય શક્તિનો પર્યાય બની ગયાં છે; એવાં પરમ પ્રેમમયી 'મા'ના આત્મામાંથી પ્રેમ-કરુણા અવિરત ઝર્યા જ કરે છે. એમને યજ્ઞયજ્ઞાદિ, હવન, ધર્મકર્મ, ક્રિયાકાંડમાં રસ નથી રહેતો. તેઓશ્રી જાણે કહે છે; 'આહુતિ આપવા હવે બચ્યું જ છે શું ? મેં મારા સ્વત્વની આહુતિ દઈ દીધી છે. આહુતિ આપવા માટે આહુતિ આપનાર તો હોવું જોઈએ ને ?' મારું તો હવે પોતાનું કંઈ રહ્યું જ નથી. તન એનું, મન એનું, હૃદય એનું, જીવન એનું. લોકો હાથમાં યજ્ઞની સમિધા લઈ, હવનની સામગ્રી લઈને, ઘી વગેરે લઈને, યજ્ઞકુંડમાં સમર્પીને 'સ્વાહા' કહે છે. જ્યારે પરમાત્માનો પ્રેમી પોતાને જ સામગ્રી બનાવીને પ્રેમના કુંડમાં અર્પી કહે છે; 'અહમ્ સ્વાહા !' એ હવે કયું કર્મકાંડ કરશે ?'

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | | ૭ |
| ૧ | શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી'મા' સર્વેશ્વરી | ૮ |
| ૨ | સંત કોણ છે ? | 'શિવ' (બૃહન્નારદીય પુરાણ) | ૧૦ |
| ૩ | 'સ્વર્ગારોહણ'માં સત્સંગસુધા | સંકલન | ૧૧ |
| ૪ | મહાકુંભમેળો | " | ૨૪ |
| ૫ | 'કુંભમેળા'નો આધ્યાત્મિક સંદેશ | સ્વામી નિખિલેશ્વરાનંદ | ૨૬ |
| ૬ | પરમાત્માની શોધ | સં. મા યોગ કુંદન | ૨૯ |
| ૭ | જનક-અષ્ટાવક્ર સંવાદ | 'રમણાશ્રમના પત્રો' | ૩૭ |
| ૮ | સાધનાથી સિદ્ધિ | આચાર્યશ્રી શ્રીરામ શર્મા | ૪૪ |
| ૯ | આધ્યાત્મિક મનુષ્ય કેવો હોય ? | સંકલન | ૫૩ |
| ૧૦ | જય જગન્નાથ | શ્રી ઈશ્વરભાઈ પરમાર્થી | ૫૬ |
| ૧૧ | 'દર્શન' એટલે શું ? | સંકલન | ૬૨ |
| ૧૨ | મન્સૂરની ઘોષણા | " | ૬૩ |
| ૧૩ | શિવલીનું ફૂલ અક્ષમ્ય છે | " | ૬૩ |
| ૧૪ | શુદ્ધ પ્રત્યક્ષીકરણ | " | ૬૪ |
| ૧૫ | હે મા ! જો તું મને શીખવશે તો જ હું શીખીશ | 'શ્રીરામકૃષ્ણદેવ'માંથી સાભાર | ૬૬ |

**નિવેદન** : ભક્તોને આંજનારાં જ નહિ, માંજનારાં 'મા'

દીર્ઘ સમય સુધી શાંત-મૂક સિતારને કોઈ સિદ્ધહસ્ત કલાકારનો કોમલ-અંગુલિ સ્પર્શ થતાં તે રણઝણી ઊઠે, એમ 'સ્વર્ગારોહણ'માં પરમ પૂજ્ય શ્રી'મા'નો પ્રવેશ થતાં જ તેમાં અનોખો ચૈતન્યસંચાર થયો હોય એમ સત્સંગથી, સાધનાના વિધવિધ પ્રકારોથી, નૂતન આધ્યાત્મિક અભિયાનોથી આ તીર્થ એકદમ જીવંત થઈ ગયું. પૂ.શ્રી'મા' પ્રત્યેના પ્રેમથી ઉભરાતાં ભક્તહૃદયોની અવરજવરથી આખો માહોલ જાણે ચેતનવંતો બની ગયો. પૂ.શ્રી'મા'એ પણ આવતાંવે'ત જ નિયમિત બધી જ બેઠકોમાં પોતાની ઉપસ્થિતિથી અલૌકિક દિવ્ય સંનિધિસુખ ધરીને ભક્તોને ન્યાલ કરી દીધા. પ.પૂ.શ્રી'મા'નું ભક્તો સાથેનું તાદાત્મ્ય જોતાં ત્યાં હાજર દરેકને પ્રતીત થયું કે, આ શુભદા 'મા' જગત્કલ્યાણના એકમેવ હેતુથી જ સર્વ કાંઈ કરી રહ્યાં છે. કરોડો જપ અને લાખો અનુષ્ઠાનોથી સતત પ્રભુમય રહેતાં 'મા'નું સમગ્ર લક્ષ્ય હવે જાણે ભક્તોને જગાડવાનું છે, તેઓમાં રહેલ શ્રેષ્ઠ આંતરદ્રવ્યને પ્રકટ થવાનો અવસર આપી, શરીર અને મનના આરોગ્યની અગ્રતા સમજાવી, જીવનનાં બાકી રહેલાં વર્ષોમાં પ્રભુપ્રેમ જ છલકતો રાખવા માટે જાગ્રત થઈ જવા પ્રેરી રહ્યાં છે.

૮૨ વર્ષની વયે, શરીરભાવથી સતત ઉફરા રહી પૂ.શ્રી'મા' પોતાનો પ્રત્યેક શ્વાસ ભક્ત-કલ્યાણને અર્થે સમર્પી રહ્યાં છે. વિશ્વમાં સંતો-મહાત્માઓ આત્મકલ્યાણના ઉજાસથી ભક્તોને આંજી દેનારા મળે છે પણ પ્રત્યેક ભક્તને પોતાના આત્મઉજાસની દિશામાં ગતિવંતાં કરી આપવા, સતત મથનારાં 'મા' જિજ્ઞાસુઓને માંજતાં રહી, માંજી-માંજી ચકચકાટ કરવા હરેક પળે પ્રયત્નશીલ છે.

જેને જે માર્ગ રુચે એ માર્ગે એની ગતિ કેમ વધે એ એકમાત્ર ચિંતા-દરકાર આ 'મા'ને છે, એટલે ભક્તને જે સ્તરે હોય ત્યાંથી પ્રેમપૂર્વક ઉઠાવી, એને અસ્તિત્વને સાર્થક કરવાની દિશા ચીંધી અટકી નથી જતાં, આંગળી પકડીને જાણે સાથે ચલાવે છે, પોતે સ્વયં સક્રિય બનીને, આપણી નિષ્ક્રિયતા હટાવે છે.

આપણાં આળસ, પ્રમાદ, જડતા ખંખેરી-ખંખેરી, આત્મચૈતન્ય તરફ, પ્રભુચેતના તરફ વેગથી લઈ જતાં 'મા' સાચે જ કળિયુગનો એક ચમત્કાર છે.

આવાં 'અનન્ય ભક્તપ્રેમી' પરમ પ્રેમમયી 'મા'ને કોટિ કોટિ પ્રણામ.

# ॥ શ્રીયોગેશ્વરકથામૃત ॥

## તા.૩/૬/૧૯૮૩, શનિવાર. વૈશાખ વદ સાતમ, વિ.સં.૨૦૪૦

### સ્થળ : ઋષિકેશ.

સવારે પૂ.શ્રીએ પરમશક્તિ પાસેથી આજે આરામ કરવાની કે રહેવાની રજા માગી લીધી. સવારે આરામ જ કર્યો. થોડી શરદીની અસર હતી, જેથી ભોજન બાદ પણ આરામ જ કર્યો.

વચ્ચે એક કલાક સૌ સત્સંગ માટે આવ્યા. પૂ.શ્રીએ, સૌને યાત્રા કેવી લાગી, કંઈ અનુભવ કે ચમત્કાર થયા કે કેમ ? એ અંગે પ્રશ્નો પૂછ્યા. સૌએ નીચે મુજબની વાતો કરી :

સૌનું તો ઘણા દિવસોથી યાત્રાએ આવવાનું નક્કી હતું પણ મારું તો ૧૨ કલાકમાં જ થઈ ગયું તે જ ચમત્કાર ! વળી હવે આપની પાસેથી ચા છોડવાનો સંકલ્પ કર્યા પછી ચા જોઉ છું તો પણ પીવાનું મન જ થતું નથી ! —શ્રીલાલાજી

ગંગોત્રી ગયા ને આવ્યા એજ મોટો ચમત્કાર છે—શ્રી હરિદાસ

ગાડી સારી રીતે ગઈ ને પાછી આવી એ ચમત્કાર અનુભવવા મળ્યો - શ્રીજીતુભાઈ ગાંધી

યાત્રા નિર્વિઘ્ને થઈ. અમને તો આપના કહ્યા મુજબ વડોદરાથી હરિદ્વાર ટ્રેઈનમાં આવ્યા તો ખૂબ સગવડ રહી. સૂતા-સૂતા જ આવ્યા. અને ટિકિટ તો છેવટ સુધી મળી ન હતી ! પ્લેટફોર્મ પર એક સીટ મળી ને બીજી બીજા જ સ્ટેશને વગર કહ્યે સીટ આપી દીધી ! — શ્રી કલોલા

મને તો ઋષિકેશમાં પહાડનો માર્ગ જોયો ત્યારથી જ ચક્કર આવતા હતા. પણ પ્રભુ સાથે યાત્રા કરી તો ચક્કર આવ્યા જ નહિ, માથુ દુખ્યું જ નહિ ! એ અનુભવવા મળ્યું - શ્રી જ્યોત્સ્નાબેન કલોલા

ફીયાટ જેવી ગાડી એ માર્ગે મારા જીવનમાં જોઈ નથી, એમ ડ્રાઈવરે જે કહ્યું તે સાચું. એ ગાડીમાં નિર્વિઘ્ને યાત્રા થઈ એ જ આપની કૃપા. —શ્રી મોહનલાલ

૧૦ કિલોમીટર બસમાં કે ગાડીમાં બેસીએ એટલે માથાનો દુઃખાવો શરૂ થઈ જાય. તે આ યાત્રાની આટલી મોટી મુસાફરીમાં કંઈ તકલીફ જ ન પડી. - શ્રીસુશીલાબેન

ભટવાડીમાં અમને એક એવા સામાન્ય સાધુ મળ્યા, જેમને કંઈક ખવડાવવાની વાત કરી તો ગુસ્સે થઈને કહેવા લાગ્યા, 'તું શું મને ખવડાવવાનો હતો ? તારું જ પેટ હજી ભરાયું નથી ને !' અને પછી જીતુભાઈએ બુંદીના લાડુ આપ્યા તો ચાર લાડુ હતા તેમાંથી એક અમને પ્રસાદરૂપે વહેંચવા આપી દીધો ને ત્રણ કૂતરાને ખવડાવી દીધા ! એવા કોઈ આપણા અહંકારને લાત મારતા હોય એને આપણે ક્યાંથી ઓળખી શકીએ ? —શ્રી ઈશ્વરભાઈ

પૂ.શ્રી : 'અમારી સાથે સિદ્ધપુરુષો હતા તે કાંઈ બધાને થોડા દેખાય ? ચોરે ને ચૌટે તે થોડા ફરે છે ? તેઓ ઉત્તરકાશીથી સાથે જ હતા. સાંઈબાબા પણ હતા. યાત્રા કેવી સફળ રહી ! તેઓ અમારા દર્શન માટે જ સાથે ફરતા હતા.'

'આપણે સિદ્ધપુરુષોને શી રીતે જોઈ શકીએ ? કંઈક સાધન-ભજન કરવાના સંકલ્પ કરીએ, સિદ્ધ થવાના પ્રયત્ન કરીએ. તમારી સાથે જ આ સિદ્ધપુરુષ છે તેને તો જાણો.' (પૂ.શ્રીએ પોતાની સામે જ - હૃદયપ્રદેશ ઉપર અંગુલિનિર્દેશ કરીને કહ્યું).

સૌ શાંતિપૂર્વક સાંભળી રહ્યા. ત્રણ વાગ્યે સૌ છૂટા પડ્યા. પૂ.શ્રીએ આરામ જ કર્યો.

હરિઃૐ, હરિઃૐ, હરિઃૐ

**—શ્રી 'મા' સર્વેશ્વરી**

# ॥ સંત કોણ છે ? ॥

સંત બ્રહ્મ છે, બ્રહ્મસ્થિત છે. પરમાત્મા છે, પરમાત્માસ્વરૂપ પરમાત્માના આશ્રિત છે. ભગવાનની દિવ્ય નિત્યલીલામાં સહાયક છે. સાધન છે. તેમનું અસ્તિત્વ જ જગતમાં મંગળ અને કલ્યાણનું કારણ છે.

સંત સર્વ માટે પરમ હિતકારી રાગદ્વેષથી પર, જિતેન્દ્રિય, નિષ્કામ અને શાંત. મન-વાણી-કર્મથી કદી કોઈને પીડા નથી પહોંચાડતા. શત્રુ-મિત્રમાં સમદર્શી, સત્યવાદી, શિવ-વિષ્ણુને અભિન્ન ભાવે જુએ છે. પ્રભુ માટે જ પ્રભુનાં કાર્યો કરે છે.

આવા સાચા સંતોના ચરણોમાં નમસ્કાર કરો. એમની વાણીને વેદવાક્યથી ચઢિયાતી સમજો. એમની ચરણરજને પોતાની અમૂલ્ય સંપત્તિ માનો. એમની આજ્ઞાનું પ્રાણપણે પાલન કરો. એમના ઈશારા પર બેસો-ઊઠો ને જુઓ તમારું કેટલું જલ્દી, કેવું મંગલ થાય છે !

સંતને સમસ્ત વિશ્વ માટે હેતુ ને અહંકારરહિત, અલૌકિક વિશુદ્ધ પ્રેમ હોય છે; કેમકે સમગ્ર વિશ્વને પોતાના ઈષ્ટદેવનું સાક્ષાત્ સ્વરૂપ સમજે છે.

આવા સંતના સત્સંગથી આપણામાં દૈવી સંપદાની વૃદ્ધિ થાય છે. શાંતિ-આનંદની વૃદ્ધિ થાય છે. **'શિવ'**

**(બૃહદ્નારદીયપુરાણ)**

✽

સંત-મહાત્મા બને. કેવળ વેશભૂષાથી નહિ, કિંતુ હૃદયના સમુન્નત પવિત્ર ભાવોથી ! વેશભૂષામાત્રથી કોઈ સંત બનતું નથી. સંત એ છે જેમના જીવનની પ્રત્યેક ક્ષણ પરમાત્માના આનંદની શુદ્ધ મસ્તીમાં જ વ્યતીત થતી હોય. જેના માનસભવનમાં શોક-મોહને રહેવાનું કોઈ સ્થાન ન હોય. માન હોય કે અપમાન, સુખ હોય કે દુઃખ, સંપત્તિ હોય કે વિપત્તિ-હર હાલમાં સદા-સર્વત્ર જે વિશુદ્ધ આનંદમાં મગ્ન રહે છે, એ જ સંત છે.

**—સ્વામી શ્યામાનંદજી**

## ॥ 'સ્વર્ગારોહણ'માં સત્સંગસુધા ॥

૧૯ જાન્યુ. પૂ.શ્રી'મા'નો દીક્ષાદિન. 'સ્વર્ગારોહણ'માં લગભગ બસ્સો જેટલા ભક્તો દર્શનાર્થે પધારેલા છે. 'સ્વર્ગારોહણ'માં દૈનિક સ્વાધ્યાય માટેનું આયોજનબદ્ધ એક માળખું છે. તેનાં હાર્દસમો કાર્યક્રમ એટલે પૂ.શ્રીની અમૃતવાણીનું શ્રવણદર્શન.

આજે તેમાં 'ભક્તનું જીવન' વિષય પરની DVDનું દર્શન કરાવાય છે. પૂ.શ્રીનાં દર્શન સાથે તેઓનાં અમૃતવચનોનું શ્રવણ એ પ્રેમીભક્તોનું પ્રિય આત્મિક ભોજન છે. પૂ.શ્રી તેમાં કહે છે કે 'તપ કરવું રમતવાત નથી. દરેક લાઈનમાં સમય, શક્તિનો ભોગ આપવો પડે. ભક્તિમાર્ગે પણ જપ, તપ કરવાં પડે. ધ્યાન રાખવું પડે. નિત્યનિરંતર સ્મરણ કરતા રહેવું પડે. શ્વાસોશ્વાસે જપ કરો. અનન્યભક્ત દરેક અવસ્થામાં હરિનું સ્મરણ કરતો જ હોય. ભગવાન કહે છે ભક્ત મારું ચિંતન કરે અને હું ભક્તની ચિંતા કરું છું. વગેરે વિશેનો વાર્તાલાપ સાંભળવા મળે છે.'

'કર જોડીને હું નમન કરું,

શરણમાં રાખજો અમને...પદ સુકૃતિના મધુર કંઠે ગવાય છે ત્યાં પૂ.શ્રી'મા' હૉલમાં પધારે છે. ને કહે છે ચાલો, આપણે બધા એક પ્રણામ કરી લઈએ પ્રભુને. (સૌ અનુસરે છે.)'

'સ્વર્ગારોહણ' નામ પૂ.શ્રીએ ઘણા ગંભીર અર્થ સાથે આપ્યું છે. એ યાદ કરીને અહીં ભાગ્યશાળી સાધકો પાંચ દિવસ માટે સાધનાપરાયણ જીવન જીવી ગયા. આ 'સ્વર્ગારોહણ'નો પ્લાન શ્રીમહેતા સાહેબે 'સત્યપથ'માં પૂ.શ્રીને બતાવ્યો હતો. ત્યારે પૂ.શ્રીએ અહીં દસ નાની નાની કુટિયા બને, તેમાં નાનો બાગ

હોય. નાનું રસોડું હોય. સાધક આવે ને રહે. તેવી ભાવના વ્યક્ત કરી હતી. તો મહેતા સાહેબ કહે મહાત્માજી આપણી પાસે એટલી જગ્યા જ નથી. એટલે પૂ.શ્રીની ભાવના એવી જ હતી કે આ સ્થળ વિશ્રામગૃહ બને અને સાધનાસ્થળ બને. પાંચ દિવસ કોણ કોણ અહીં સાધના માટે જ આવ્યા ? તો તેમને કંઈક તો ભાથુ મળ્યું જ હશે. ‘એવું ના માનવું કે પૂ.શ્રી સામે પ્રવેશદ્વારે ઊભા છે તે આપણને જોતા નથી. જુએ જ છે. પણ આપણને ખબર નથી.’

મસુરી સ્કૂલનાં બાળકો ૪૦ થી ૫૦ આવેલા તેમાંથી એક વિદ્યાર્થીને પૂ.શ્રી ઊભા છે એ પોતે જીવંત છે તેવું અનુભવ્યું. એક જ દીકરીને એવો અનુભવ મળેલો.

મહાપુરુષો પથ્થરમાં મૂર્તિરૂપે હોય કે કાગળમાં ચિત્રરૂપે પણ તેમની સમર્થતા કણેકણમાં પથરાયેલી હોય છે. એટલે આવો ત્યારે એક પ્રણામ ને જાવ ત્યારે એક પ્રણામ પ્રભુને કરીને નીકળીએ છીએ આપણે.

મહાપુરુષના આશીર્વાદ સાથે હોય તો બધા જ રસ્તા સફળ થઈ જાય છે. સૌ અનુભવે છે પણ પાછા ભૂલી જાય છે.

અહીં આ સ્થળમાં આવતા રહેવું તો થોડું થોડું જાગતા જવાશે. જાગવા જ આવવાનું છે. દરેક વખતે તમે આવો બે કલાક, બાર કલાક, ચોવીસ કલાક કે સાત દિવસ કે ચૌદ દિવસ. દરેક પ્રવેશે એક નાનકડો નિયમ લેવો ને તે પૂરો કરવા પ્રયત્ન કરવો તો જીવન જીવવાનો આનંદ ઢોલનગારા જેવો મળે. શ્રી કબીર સાહેબ કહે છે તેમ;

‘બાજત અનહદ ઢોલ’

અંદરથી જ એવું શાંતિનું, આનંદનું સંગીત પ્રગટતું રહે.

નિયમો લેતા રહો. જીવનની રક્ષા થતી રહે ને કૃપા વરસતી રહે. આ પાંચ દિવસ અહીં સૌ રહ્યાં તો શ્રી રાજુકાકાએ અન્નદેવને સલામી ભરતાં શીખવાડી દીધું.

અમે કૉલેજમાં હતા ત્યારે (પૂ.શ્રી'મા') લાલબહાદુર શાસ્ત્રીજીનો એક આદેશ હતો કે દર સોમવારે એક ટંક જમો અને મૂઠી અનાજ વધે તે પેલા પાત્રમાં મૂકો. અનાજ છોડો તો બીજા માટે તેટલું અનાજનું દાન કર્યું ગણાય. પાંચ દિવસ શરીર હલકું લાગ્યું હશે. આપણાં અર્પિતાબહેન ભણાવે છે તેમ (શરીરમાંથી) ખરાબ કોશ દૂર થાય ને નવા કોશનો જન્મ થાય. શરીરની કાયાપલટ થાય. એક ટંક પણ તમે છોડો તો અંદરના દરેક અવયવને નવું કામ કરવાની તક મળે. પાંચ દિવસની સાધનાની મોજ વિશે કોને બોલવું છે ? (મયૂરીબહેન, ગાયત્રીબહેન, દૃષ્ટા, અશ્વિનભાઈ, નીલ અને ધરાબહેન પોતાનો આ વિશેષ દિવસોનો અનુભવ સંભળાવે છે.)

શ્રી'મા' – અહોભાવ તો સતત ટકાવવો જ પડે. વર્ષો પહેલા પૂ.શ્રીએ સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી. તમે પહેલા વર્ષની રસીદબુક જુઓ તો ખબર પડે. સૌથી મોટું દાન શ્રી શાંતિભાઈનું ૫૦,૦૦૦/–રૂ.નું ! ત્યારે બધાની ૧૦૧/રૂ.ની રસીદ બનતી ત્યારે આવડું મોટું દાન ! એટલે આપણે વારંવાર કહીએ છીએ, સૌને યાદ કરાવીએ કે આપણા ટ્રસ્ટના શામળિયા શેઠ શ્રી શાંતિભાઈ માટે અહોભાવ સૌનાં હૈયે છે જ ને રહેશે. ગૃહસ્થ ધર્મમાં એક ગૃહસ્થી કયાં સુધી સમાજસેવા કરી શકે ? તેમનાં ધર્મપત્નીની અનુકૂળતા હોય તો જ. બાકી એકલો ગૃહસ્થ શું કરી શકે ? શ્રી લાભુબહેન સતત પ્રત્યેક સત્કર્મમાં સાથ ધરતાં હતાં. શ્રી નારણભાઈ જાની કહેતા કે, મને મારાં ધર્મપત્ની

સરસ્વતીબહેને કહ્યું કે, 'તમે આ કેટલું બધું અધ્યાત્મનું કામ કરો છો ? તેમાં મારી માંદગી તમને વિક્ષેપરૂપ થાય તો હું પ્રભુને પ્રાર્થના કરું છું કે મને ખસેડી લે.' આ કેવી સમજ ! કેવી શ્રદ્ધા ! લાભુબહેને એકપણ સત્કર્મમાં રોક્યા નથી કે ટોક્યા નથી (શ્રીશાંતિભાઈને). એટલે પોતાના ગૃહસ્થધર્મને સફળ રીતે ભજવીને વિદાય થયા છે. 'સ્વર્ગારોહણ' પાસે હવે વડીલો ઓછા થતા જાય છે. નાના, નાના છોકરાઓ જ છે. શ્રીનારણભાઈ જ્યારે પણ આવતા જેટલી વાર પણ આવે ત્યારે પૂ.શ્રી'મા' હસીને કહેતાં 'આ છેલ્લીવાર વિદાય આપીએ છીએ ને ?' આ છેલ્લું પ્રવચન. એટલે આપણે ત્યાં પરંપરા છે દરેક વડીલોને વધાવવાની. એકવાર તો પાંચ વડીલોને સ્પેશિયલ વધાવેલા. શ્રીનારણભાઈ, શ્રીબાબુભાઈ, શ્રીબાલુભાઈ, શ્રીશાંતિભાઈ..વગેરે. આપણી પાસે એ પેઢીના એક જ વડીલ આજે હાજર છે શ્રી શાંતિભાઈ. વડીલો પધારે તો આપણી ફરજ છે ઊભા થઈ ત્રણ મંત્રગાનથી વધાવવા છે ? (સૌ ઊભા થઈ મંત્રગાન કરે છે.) શ્રીશાંતિભાઈએ એમના જીવનમાં ભૌતિક વ્યાપારમાં પણ પ્રભુને જ પાર્ટનર બનાવ્યા. તો જીવનભર ફાવ્યા. અમે 'દર્શનામૃત'માં બે પંક્તિ લખી છે –

'ગુરુ ભગવંતના ચરણે શીશ નમાવતા,
સઘળાં સપનાં સહેજે પાર ઉતારતા.'

બધા જ સપનાં શ્રી શાંતિભાઈનાં પ્રભુએ પાર પાડ્યાં છે. જીવતાં જ જાણી લો કે આ ગૃહસ્થીમાં કેટકેટલી વિશેષતા ગુરુકૃપાથી આવી છે ! આજની તારીખે આ વડીલ શાંતિભાઈનું મનઅંતર એવું કહે છે કે, સઘળું શ્રીગુરુને ચરણે ધરી દઉં. સમર્પણની પણ કેવી પરાકાષ્ઠા ! કરોડો રૂપિયા હોય તો પણ

પાઈ પાઈની ગણત્રી કરે એવા કરોડપતિ જોવા મળે છે. જ્યારે શ્રી શાંતિભાઈની વિશેષતા જાણીએ ત્યારે એક અચરજ થાય. આપણને શ્રી લાભુબહેનના સતત સહયોગથી ના ધારેલાં બધાં જ કામ પાર પાડ્યાં. આપણે શ્રી શાંતિભાઈને પાંચ-સાત મિનિટ સાંભળીએ પછી વધાવીશું.

શ્રી શાંતિકાકા પૂ.શ્રીપ્રભુજીનો પરિચય, મેળાપ, શ્રીઠાકુરને કરેલી પ્રાર્થનાનો મધુર પ્રત્યુત્તર ને પૂ.શ્રીયોગેશ્વરજીની વાતો કરે છે. ૧૯૭૧માં રામકૃષ્ણમિશનમાં બનેવી સાથે પોતે પ્રથમવાર પુસ્તક ખરીદવા ગયેલા. પુસ્તક વાંચી પ્રાર્થના થઈ ઠાકુરને આપ જેવા મહાપુરુષ મને જીવનમાં મળે તો સારુ. પૂ.શ્રીયોગેશ્વરજીમાં ઠાકુરની જ મૂર્તિનું દર્શન થયું. ગુરુપદે સ્થપાઈ ગયા. હૃદયમાં સ્વીકારાઈ ગયા ને સમયાન્તરે કહેવાઈ પણ ગયું કે 'હે પ્રભુ ! આ શરીર ને સંપત્તિનો તમારે જે ઉપયોગ કરવો હોય તે કરજો.' ખૂબ શ્રદ્ધાભક્તિ ને પ્રભુપ્રેમની વાતો શ્રીકાકાએ કરી.

શ્રી'મા' – શ્રી શાંતિભાઈની બધી જ પ્રાર્થનાઓ પ્રભુ સાંભળે છે. શ્રી શાંતિભાઈ ભક્તપુરુષ છે. એ નક્કી જ છે. ઘરનાં સૌ સ્વજનો શાંતિભાઈને વધુ ઓળખે, સમજે, વધાવે તે પણ ખૂબ જરૂરી છે. આપણે તો શાંતિભાઈને વધાવીએ જ છીએ પણ ઘરનાં સૌ વધાવે તો ઉત્તમ. 'સ્વર્ગારોહણ'નાં બધા ભક્તો વતી શ્રી દષ્ટાભાઈ ફૂલહાર અર્પણ કરશે. (ગુલાબનો મોટો હાર ૐ યોગેશ્વરાય નમઃ નાં મંત્રગાન સાથે પહેરાવાય છે.) શ્રી નમનભાઈ કલગી આપશે. (ગુલાબની મોટી કલગી અર્પણ થાય છે.) શ્રી શાંતિભાઈને સૌ ઊભા થઈ (પરિવારનાં સભ્યો) ફૂલ અર્પણ કરી આશીર્વાદ લે. ઘરમાં જ વિશેષતા છે તેને પ્રેમથી વધાવો.

[ગુરુદેવ તુમ્હારી જય જય હો...સદ્‌ગુરુ તુમ્હારી જય જય હો...ની ધૂન સાથે કનેરિયા પરિવારના સહુ સભ્યો શ્રી શાંતિકાકાનું ગુલાબનાં પુષ્પોથી અભિવાદન કરી આશીર્વાદ મેળવે છે.]

શ્રી'મા' – આપણે તો એ પેઢીનાં વડીલોને કાયમ યાદ કરીએ. સ્તુતિને એક મહિના પહેલાં કહ્યું ૧૯મીએ શાંતિભાઈને લાવજે (સ્વર્ગારોહણમાં) એ પેઢીનાં વડીલના હાથે જ 'શ્રી યોગેશ્વર લીલામૃત'નો અંતિમ ભાગ સૌ પામશે. ત્યારે તો શ્રી લાભુબહેન હતાં. કહ્યું તે પ્રમાણે સ્તુતિબહેન શ્રી શાંતિભાઈને લઈને આવ્યા. પરિવારનાં સૌ પણ આવ્યાં. આપણા જ પરિવારના વડીલને વધાવવા રોજના જીવનમાં પણ એક પ્રણામ કરવા જેવો છે. 'જીવતાદેવને સેવો.' પૂ.શ્રી કહેતા. જીવે છે તો તેમની વિશેષતાને વધાવો, વંદન કરી લો, આશીર્વાદ પામી લો.

આજે શ્રી યોગેશ્વર લીલામૃતની આ પેનડ્રાઈવ શ્રી શાંતિભાઈના હાથે જ સૌને મળશે.

'મા'ની બાવની કોણ કોણ ગાય છે ? છેલ્લી લીટીમાં શું આવે છે ? (પરમાર્થી તાપે શ્રમિત આવ્યો તારે દ્વાર, શીતળ છાંયે માવડી પાજે અમૃતધાર...) એ પરમાર્થી પણ વિશેષતાથી ભરેલા કવિ ભક્તપુરુષ હતા. શ્રી પરમાર્થીએ સાત, સાત ગ્રંથોનું લેખન કર્યું છે. આ આઠમું પુસ્તક આજે આપણને પ્રસાદમાં મળવાનું છે.

* કબીર ભજન સુધા
* કબીર સાખી સુધા
* કબીર રમૈની સુધા
* કબીર પદ સુધા
* કબીર શબ્દ સુધા
* સંત નિર્વાણ સાહેબ
* જ્ઞાનગુદડી

આ સાત પુસ્તકો તો પ્રકાશિત થઈ ગયાં છે. ગયા વર્ષે 'મા' વેલી વૃંદાવનમાં અમેરિકામાં હતા. શ્રી પરમાર્થીના ગૃહદેવી કહે 'મા', પરમાર્થીનાં પદો હજી ઘણાં બધાં બાકી છે. છપાવો પૂ.'મા'એ કહ્યું, આ વર્ષે અમે જરૂર કરીશું ને આ ગ્રંથ અત્યારે પરમાર્થીનાં ધર્મપત્ની શ્રીમણિબહેન તરફથી પ્રસાદરૂપે આપણને મળશે. પોતાના પતિના કાવ્યસાહિત્યને થોડુંક સમજીને પણ પ્રકાશિત કરવાની ભાવના જાગી. અને આજે આ ગ્રંથ આપણને એમના હાથે જ મળશે. પરમાર્થીનો આ પ્રસાદ આપણે પણ વાંચીશું અને વિચારીશું. ખૂબ ગહન ઊંડું ચિંતન એમનાં દરેક કાવ્યમાં છે. નામ છે 'કાવ્ય વિશ્વ'. સાત ગ્રંથોનાં નામ વાંચતાં જ થયું આ ગંભીર હશે. આ બેઠક પછી તે મેળવી લેજો.

આજે ત્રીજો પણ એક પ્રસાદ છે. 'દળી બની દીક્ષિત' પૂ.બેને (શ્રીસુશીલામાસી) એ ગ્રંથ વિશે ઘણી વાતો કરી છે. આજે એ ગ્રંથ પણ મળશે. કાલીમંદિરનાં પરિવાર વતી જયુબહેનના વરદહસ્તે ઉપરથી લઈ લેવું. પાંચ દિવસનું પર્વ વઢની સામે વહાલ વરસાવવાનું એ પર્વ હતું. છતાં આજે થોડુંક દસ મિનિટમાં સત્સંગનું ભાથું તો બાંધવું પડે.

દક્ષિણ ભારતની યાત્રા શ્રીશાંતિભાઈના 'હરિરથ'માં પૂ.શ્રી ને માતાજી સાથે સોળ ભક્તોએ કરી. તેમાં આ 'મા' પણ હતાં. તેમાં એક દિવસે શ્રી શૈલમ્‌માં પૂ.શ્રીએ સામે ચાલીને કહ્યું આજે મારે તમને મંત્રદીક્ષા આપવી છે. અને એ પવિત્ર જ્યોતિર્લિંગનાં તીર્થક્ષેત્રે દીક્ષા મળી. તે પછી યાત્રા તો આગળ ચાલી. નીલભાઈએ ગાયું તેમ મારી 'સૂતેલી ચેતના જાગી' અને મનમાં કંઈક કરવાનાં સપનાં શરૂ થયાં. એટલે બીજા જ પત્રમાં ચૌદ પ્રશ્નો પૂ.શ્રીને લખીને આપ્યા યાત્રામાં દીક્ષા પછી તરત જ. તા.

૮/૨/૧૯૭૮ના પત્રમાં એ બધા પ્રશ્નો છે ને એમાં જવાબ પણ છે. ચૌદમાંથી આજે ત્રણ પ્રશ્નો અને જવાબ શ્રી મયૂરીબહેન વાંચશે. દીક્ષા મળ્યા પછી સહજ થયું કે કેટલી માળા કરવી ? પ્રશ્નના ઉત્તરમાં પૂ.શ્રીએ કહ્યું ૧૦ માળા સવારે ૧૦ માળા સાંજે કે રાત્રે એક એક કલાક કરવી.

શ્રી'મા' – અમે આપને વાત કરી હતી મેબર્લીના પેલા શ્રી નેસલીભાઈની એ તો વિદેશી હતા. એમણે જાણ્યું કે બધા પ્રણામ કરે છે. તો એમણે પણ શરૂ કર્યા. અમે પૂછ્યું કેટલા કરો છો ? તેમણે કહ્યું ૧૨. એમણે કહ્યું બાર પ્રણામમાં મારો એક કલાક વીતે છે. દરેક પ્રણામે પ્રાર્થના કરું છું. અહીં ૧૦ માળા એક કલાક એ રહસ્ય તો કોણ ઉકેલી શકે ? એક કલાકમાં ૧૦ માળા. ક્રમે ક્રમે એ માળા ક્યાં પહોંચી ? ૧ લાખ, સવાલાખ, ૪ લાખ, ૮ લાખ, ૯ લાખ. આપણે આ બધા આંકડા તારીખ સાથે વાંચ્યાં છે. તે લાખની સંખ્યા આજે કરોડ ઉપર ગઈ છે. એટલે એ અર્થમાં ૧૦ માળાનો એક કલાક બરાબર છે.

શ્રી'મા' – દરેક મંત્રમાં કેવા ખોવાઈ જવાનું એ આ એક વાક્યમાં સમજાઈ જાય છે.

એક જ પ્રશ્નના જવાબમાં કેટલી સારગર્ભિત વાત કરી છે પ્રભુએ. 'સદ્‌ગુરુ અપનાવે તે સાધકનો પોતાની મેળે જ વિકાસ થાય છે.'

સાધકને સદ્‌ગુરુ અપનાવે એ જ એક મોટી વાત છે. અને પછી કહે છે સહજ વિકાસ એ દીક્ષાનું પરિણામ છે. દીક્ષા એક એવી પવિત્ર સંપત છે. અમૂલ્ય છે. અનંતજન્મોનાં પુણ્યે સામેથી મળે તેવી તે અલૌકિક છે. એ દીક્ષા મળે એટલે થઈ ગયું એવું તો નથી માનવાનું. દીક્ષા મળે એટલે સદ્‌ગુરુનું કામ પૂરું ને

સાધકનું મથવાનું કામ શરૂ. પ્રશ્નને તેના ઉત્તરમાં કેટલું બધું સમજવાનું ! બીજો પ્રશ્ન છે - રાત્રે કેટલો સમય ધ્યાન કરવું જોઈએ ?
પૂ.શ્રી – રાત્રે ૧૨ થી ૩માં એક કલાક થાય તો સારું.

એટલે આવા સદ્‌ગુરુ મળ્યા તે પણ દુર્લભ. ને આવા માર્ગદર્શક મળવા પણ દુર્લભ. એ મહાપુરુષનાં જીવનકાર્યોનું વર્ણન આ પંક્તિઓમાં છે.

'માળી બનીને જીવનબાગ સજાવતા
'મા'નું રૂપ ધરીને મેલું ઉપાડતા
જીવનઘરની સફાઈ સેવા તે કરે
રખેવાળ બની સાચી રક્ષા તે કરે.'

શ્રી'મા' – આવતા મહિને નવ બટુકોને સમૂહમાં યજ્ઞોપવિત સંસ્કાર 'સ્વર્ગારોહણ'માં રાખ્યો છે. તો ૨૦૧૩ના જનોઈનો એ પોગ્રામ (DVD) ભોજન પછી જોવો ગમશે ? જોજો એટલે ઊંઘ ના આવે. આજે 'લીલામૃત'ના અંતિમ અધ્યાયનાં પડદા પાછળનો પરિશ્રમ પથરાયો છે તેની વાત જનોઈની DVD દર્શન પછી કરશે. શ્રી હેમલભાઈ પડદા પાછળ છે. ને તેમનું ખૂબ મોટું ગ્રૂપ પણ તેમની પાછળ છે. શ્રી મિકુલભાઈ પાસે પણ ઘણી ખટમીઠી વાતો છે તે સાંભળીશું ને શ્રી અર્પિતાબહેનનાં ખજાનામાંથી પણ લૂંટીશું. પેનડ્રાઈવ ને પુસ્તકો ઉપરથી આપણે મેળવી લઈશું. જયુબહેન, મણિબહેન, શાંતિભાઈ ઉપર બેઠા હશે. તમારા નામની યાદીમાં જોઈને તે તે વસ્તુ તમને મળશે.

શ્રી સ્તુતિબહેન કનેરિયા પરિવારના મોભ શ્રી શાંતિભાઈ અને શ્રી લાભુબહેનના ગુણાનુવાદ કરે છે. તે પછી શ્રી રાજુભાઈ જાની પોતાનું ભાવવાહી વક્તવ્ય આપતાં જણાવે છે કે શિબિરમાં બધાં

આવ્યાં તો સૌનો સાભાર. ફરી પધારજો. માર્ચમાં ફરી પ્રયોગ કરવાનાં છીએ. તો તેમાં આવજો. (૧૪ થી ૧૮ માર્ચ)

શ્રી‘મા’ — આજે આપણાં સ્મિતાબહેન - (બિઝનેસ લેડી ‘મા’ કહે છે.) તેમનાં હાથે ચીકીનો પ્રસાદ પણ મળશે. ‘મા’ એવું વિચારે છે કે હવે હે સ્મિતાબહેન, હે વિજયભાઈ, કાન ખોલીને સાંભળી લો તમારી ચીકી અમે દર વર્ષે તમારા હાથે જ વરદ હસ્તે જ અમે લઈશું. ભાવના હોય, ચીકી ખવડાવવી હોય, તો જાતે જ આવી ચીકી આપજો. નહિ તો અમે બજારમાંથી લઈને ખાઈ લઈશું. તો જ તેનું વિટામિન આ સાધકોને પચશે. વર્ષોથી હાશ..હાશ..કરીને ચીકી ખાતા આવ્યા. હવે આ નિયમ એમને માટે વિચાર્યો છે. માતા સરસ રસોઈ બનાવે પછી એવું નથી કહેતી લો મહારાજ, તમે જ પીરસી દો. માતા હંમેશાં એવું વિચારે કે હું જ મારા હાથે બધાંને પીરસું. તેમ હે વિજયભાઈ, સ્મિતાબહેન ‘સ્વર્ગારોહણ’નાં માતા પિતા બનીને પ્રેમથી ચીકીના બોક્ષ લઈ પધારજો. જાતે આવીને પોતાનાં હાથે આપવાનો આનંદ જુદો જ છે. ખાઈ ખાઈને આ સ્મિતાબહેનને આશીર્વાદ આપજો કે વર્લ્ડ લેવલે હાશ પહોંચે. ખૂબ સરસ રીતે બિઝનેસ સંભાળે છે. ખૂબ મહેનત કરે છે. પણ એક ફરિયાદ છે કે વારે વારે ‘સ્વર્ગારોહણ’ આવતા નથી. તેની હવે કોઈ સજા વિચારીશું. શીલાબહેન જેમ જાતે શીખંડ ખવડાવવા આવ્યા તેમ સ્મિતાબહેન વિચારશે.

શ્રી શાંતિભાઈના સર્વ સત્કર્મ આપણી પેઢીએ પણ સાચવવાનાં છે. પરિવારના વડીલોનાં પગલે આપણે પણ ચાલવાનું છે. [શ્રી સ્મિતાબહેનને ત્રણ મંત્રથી ‘ૐ યોગેશ્વરાય નમઃ’...વધાવાય છે.]

સાંજે ૪ ની બેઠકમાં યજ્ઞોપવિતની DVD ૨૦૧૩ની દર્શાવાય છે તે પછી શ્રી અર્પિતાબહેન પૂ.શ્રી'મા'ની અનુભૂતિઓની વાત તેમ જ 'મા' સાથે યાત્રામાં પૂ.શ્રી'મા'નાં સંતસ્વરૂપનાં દર્શનની સુંદર વાતો કરે છે. તેમની પાસે પૂ.શ્રી'મા'ને સમજવાની તેમાંથી બોધગ્રહણ કરવાની આગવી દૃષ્ટિ છે.

પૂ.શ્રી'મા' હૉલમાં પધારે છે ને કહે છે – અમે તો અર્પિતાબહેનનું લેક્ચર એટેન કરવા આવ્યાં. (હાસ્ય) પેનડ્રાઈવ 'લીલામૃત'ની કોને કોને મળી ગઈ ? નાનકડી પેનડ્રાઈવ દેખાય છે પણ એની પાછળ કેટલા વર્ષોની દોડધામ છે શ્રી મિકુલભાઈ તેની વાત કરશે.

મિકુલભાઈ – આ અમૂલ્ય ખજાનો છે. જેની પાછળ ઘણા લોકોની વર્ષોની મહેનત છે. તેનો ભરપૂર (પેનડ્રાઈવનો) ઉપયોગ કરીએ. સાતથી સાડાસાત વર્ષોની એકધારી મહેનત પછી આ પેનડ્રાઈવ બની છે.

શ્રી'મા' – હવે સરકસના રીંગ માસ્ટર ઊભા થશે. શ્રી હેમલભાઈ ઊભા થઈ ટૂંકમાં પોતાની વાત રજૂ કરે છે. ને કહે છે 'મા' આપના યુગકાર્યની ખિસકોલી બનવાનું સૌભાગ્ય ધરજો ને થોડાં કણ ઉપડાવજો.

શ્રી'મા' – 'મા' તો નિલેશભાઈને આજે સાંભળવા માગે છે કે પાંચ દિવસમાં શું પામ્યા ? (સાધનાશિબિરમાં) નિલેશભાઈ ઊભા થતાં જ કહે છે 'મા', આપે તો મારા મનની વાત જાણી લીધી. તેઓ પોતાનો અનુભવ સરસ રીતે રજૂ કરે છે.

શ્રી'મા' – હવે છેલ્લે છેલ્લે શ્રીતરલાબહેનને સાંભળીને બેઠક પૂરી કરીશું. શ્રીતરલાબહેન આજના આ કાર્યક્રમની વિશેષતાઓને ટૂંકમાં રજૂ કરી પોતાનું વક્તવ્ય પૂર્ણ કરે છે. 'ભજ મન શ્રી ગુરુદેવ યોગેશ્વર સુખધામ...' ધૂન ગવાય છે.

પૂ.શ્રી 'મા' કહે છે. ૧૯૭૮માં અમે ઝામ્બિયામાં પૂ.શ્રી સાથે એક સ્થળમાં પ્રવચન માટે જતાં હતાં ત્યારે પૂ.શ્રીની હાજરીમાં ચાલુ ગાડીમાં આ ધૂન લખાયેલી.

માર્ચની શિબિરમાં કોને કોને આવવાનું મન થયું છે ? પ્રેમથી પધારજો. કંઈક ભાથું બાંધજો. આ શિબિરમાં અન્ન છોડાવ્યું. હવે કદાચ રોજ હરડેના લાડુ અને લીમડાનો રસ પણ મળે. હવે આંગળી ઊંચી કરો તો સમજપૂર્વકની કરજો. (હવે ચૂરમાનું મેનુ બદલી કાઢ્યું.)

અહીં જે કોઈ પ્રયોગો થાય છે તે આપણા આરોગ્ય માટે જ છે. આપણા આરોગ્યના ભોગે કોઈ કામ ના થાય. રોજ દોડવાનું તા. ૨૦ ડિસે. થી એક કલાક દોડવાનું શરૂ કર્યું. કેટલી બધી બહેનો દોડતી રહી છે. આરોગ્ય માટેની ઉત્તમ કસરત, જેમ પ્રણામ છે તેમ દોડવું પણ છે. ને ફળાહાર ને પાણી ઉપરના પ્રયોગો પણ ઉત્તમ છે.

૪૦ દિવસ સળંગ પાણી ઉપર ઉપવાસ કરો તો ખબર પડે. બધા જ રોગથી મુક્તિ મળે એવા ક્લિનિક વિદેશોમાં છે. એટલે દેહશુદ્ધિ પણ ખૂબ ખૂબ જરૂરી છે. જલેબી ફાફડા ખાઈને કોઈ પ્રભુને પામ્યા નથી. સૌ તપ્યાં છે. જપ્યાં છે. વિસ્તારથી વિરામ કરીને પ્રભુની પાછળ પાગલ બન્યાં છે. તો કંઈક મળે છે. એવું કંઈક મેળવવું હોય તો શ્રી રાજુભાઈનું આમંત્રણ સ્વીકારી લેજો.

પાછા પ્રેમથી પધારજો. એવું આ 'સ્વર્ગારોહણ' કહી રહ્યું છે. 'સ્વર્ગારોહણ'નું સ્થાન જીવંત છે. એને પણ તમારી આવજા વસમી લાગે છે. આવો ત્યારે ખુશ થાય ને જાવ ત્યારે તે ક્ષણથી રાહ જોતું ઊભું હોય છે કે ક્યારે પાછા આવે ! અમે 'સ્વર્ગારોહણ' પર એક પદ લખ્યું છે – તેમાં 'સ્વર્ગારોહણ'ની પોતાની લાગણીઓ વ્યક્ત થઈ છે. ગયા મહિને જ લખ્યું છે.

એટલે સ્વર્ગારોહણને યાદ કરીને પ્રેમથી રહેવાય એવી રીતે આવજો. પાંચ દિવસનાં પર્વ પછી અર્પિતાબહેન કહે છે, 'મા', કેટલીક બહેનોને તમને મળવું છે. સાધના માટે. તો તેમણે યાદ રાખવાનું કે જવાનું તમારે છે. અમારે તો જવા આવવાનું નથી. 'મા' તો હાજર જ છે. એટલે પ્રશ્નો સાંભળશે. એટલે સ્વર્ગારોહણને નિરાશ કર્યા વિના સૌ પ્રેમથી પધારજો. હવે તો આ હૉલમાં પણ બેસવું ગમે. દિવસે દિવસે સ્વર્ગારોહણમાં બધી જ સુખ સગવડ વધતી રહી છે. તો લાભ લેજો. દીક્ષા વિશે કે પૂ.શ્રીના પત્રો વિશે અમે તો ઘણું બધું તૈયાર રાખ્યું હતું (આજ માટે) પણ ફરી સમય મળે ત્યારે આવજો. નિરાંતે વાતો કરીશું. પ્રેમથી પધારજો.

૯ મંત્રગાન સાથે આ બેઠક પૂર્ણ થાય છે. 'સ્વર્ગારોહણ'ના નામ પાછળ પૂ.શ્રી'મા'ના અતિસ્નેહસભર અંતરની વાત રજૂ થઈ છે. પૂ.શ્રી'મા' પોતાનાં બાળકોનું સતત કલ્યાણ ઝંખતા રહે છે. બાળક પોતાના આત્મકલ્યાણાર્થે સાધનાપંથે પગલી પાડે ને ગતિ કરે. વ્યર્થ વાતોમાં કે અન્ય અનાત્મ પદાર્થોના આકર્ષણમાં ના પડી 'સ્વર્ગારોહણ' તીર્થ જે પૂ.શ્રીએ સાધનાના મુખ્ય હેતુથી મઢ્યું છે, તેનો સંપૂર્ણ લાભ લઈ જીવ શિવને પ્રાપ્ત કરે તેવી ઉદાત્ત ભાવના સાથે પૂ.શ્રી'મા' આગામી માર્ચ મહિનામાં આયોજિત સાધનાપર્વમાં પધારવા માટેનું સૌ ભક્તોને ખાસ કરીને યુવાનોને આમંત્રણ આપે છે. ને ભક્તિના રાજમાર્ગે પ્રવેશીને, ચાલીને જન્મ સફળ કરી સાધનાનાં અમૃતફળોને આસ્વાદે તેવી કામના પૂ.શ્રી'મા' કરે છે. 'સ્વર્ગારોહણ'ના પ્રતીક પાછળ પોતાની શરણાગત સંતાનોની કલ્યાણકામના વિશેની સંવેદના રજૂ પામી છે.

**—સંકલન**

# ॥ મહાકુંભમેળો ॥

(ભારતવર્ષમાં યોજાતો સૌથી મોટો કુંભમેળો,
પ્રયાગમાં ૧૪૪ વર્ષે આવતો મહાકુંભમેળો)

સમગ્ર વિશ્વમાં અદ્ભુત અને અતિવિરલ ગણી શકાય એવો આ 'મહાકુંભમેળો' સાધુ, સમાજ અને સંસ્કૃતિની ત્રિવેણીને જોડતો એક પવિત્ર સંગમ છે. ભારતીય સંસ્કૃતિનો જે ધબકાર છે એમાં વિવિધતામાં એકતાનાં દર્શન થાય છે. આખા ભારતમાંથી અસંખ્ય સાધુઓ-સંતો તેમજ શ્રદ્ધાળુઓ આ મેળામાં ભાગ લઈ, પવિત્ર નદીમાં સ્નાન કરી ધન્યતા અનુભવે છે.

એક પૌરાણિક કથા પ્રમાણે મહર્ષિ દુર્વાસાએ ઈન્દ્રદેવના કોઈ સમુચિત વ્યવહારથી પ્રસન્ન થઈ એક દિવ્યમાળા અર્પણ કરી. ઈન્દ્રે એને પોતાના હાથી ઐરાવતના મસ્તક પર રાખી દીધી. ઐરાવતે આ માળાને પોતાના મસ્તક પરથી લઈને જમીન પર ફેંકી દીધી, એટલું જ નહિ એ માળાને પોતાના પગથી કચડી નાખી. આ જોઈને દુર્વાસાજી બહુ નારાજ થયા. તેમણે ઈન્દ્રદેવને શાપ આપ્યો. 'ત્રિલોકસહિત શ્રીવિહીન બની જા.' આ શાપથી સમગ્ર બ્રહ્માંડમાં હાહાકાર મચી ગયો.

આ કારમી વિપત્તિમાંથી બહાર આવવા ભગવાન નારાયણની સલાહ અને કૃપાથી ક્ષીરસાગરનું મંથન કરી, અમૃત કાઢવાની સલાહ આપી. અમૃત પ્રગટ પણ થયું પણ એ પ્રાપ્ત કરવા દેવો અને અસુરો વચ્ચે મહાસંગ્રામ થયો. અસુરોએ 'અમૃતકળશ' નાગલોકમાં સંતાડી રાખ્યો. ગરુડજીએ આ કળશ દેવોને પહોંચાડ્યો. નાગલોકથી ક્ષીરસાગર સુધી તેમની યાત્રામાં

ગરુડજીએ આ 'અમૃતકળશ' ચાર સ્થાનો પર રાખ્યો હતો. ૧. હરિદ્વાર, ૨. પ્રયાગરાજ, ૩. નાસિક, ૪. ઉજ્જૈન. તેથી આ ચારે સ્થાનોમાં 'મહાકુંભપર્વ' યોજાય છે. આ એક કથાસંદર્ભ છે.

એક બીજી કથા પ્રમાણે સમુદ્રમાંથી એક અલૌકિક પુરુષ ધન્વન્તરી હાથમાં 'કળશ' લઈને પ્રગટ્યા. એ 'કળશ' એટલે 'અમૃતકુંભ' દેવોના ઈશારે ઈન્દ્રપુત્ર જયંત 'અમૃતકુંભ' લઈને આકાશમાં ઊડી ગયો. ત્યારે દૈત્યગુરુ શુક્રાચાર્યના આદેશાનુસાર દૈત્યોએ અમૃત મેળવવા જયંતનો પીછો કર્યો. બાર દિવસ દેવો અને દાનવો વચ્ચે સંગ્રામ ચાલ્યો. આ સંગ્રામ અને એની ભાગદોડમાં પૃથ્વી ઉપરનાં ચાર સ્થળોએ હરિદ્વાર, ઉજ્જૈન, નાસિક અને પ્રયાગમાં - એ 'અમૃતકંભ'માંથી અમૃતબિંદુ પડ્યાં. આ બિંદુઓથી અભિષિક્ત ચાર સ્થળો પર 'કુંભમેળો' યોજવાની પરંપરા પ્રસ્થાપિત થઈ.

દેવ-દાનવોનું યુદ્ધ 'બાર દિવસ' ચાલેલું. દેવોના બાર દિવસ એટલે મનુષ્યોનાં 'બાર વર્ષ'. તેથી ચારે સ્થળે 'કુંભમેળો' 'દર બાર વર્ષે' ભરાય છે. કુંભમેળાના ચાર પ્રકાર છે. પૂર્ણકુંભ, મહાકુંભ, અર્ધકુંભ, માઘમેળો.

'કુંભમેળો' ખરેખર 'અમૃતત્વનો મેળો' બની રહે છે. એ એનું માહાત્મ્ય છે.

**—સંકલન**

# ॥ કુંભમેળાનો આધ્યાત્મિક સંદેશ ॥

પ્રયાગરાજમાં વિશાળ કુંભમેળો યોજાઈ રહ્યો છે. દસ હજાર એકરમાં સાત હજાર કરોડ રૂપિયાના ખર્ચે ઉત્તરપ્રદેશ રાજ્ય સરકાર દ્વારા લગભગ ૫૫૦ પ્રોજેક્ટ્સના માધ્યમથી, ૨૩૦૦ સીસીટીવી કેમેરાના માધ્યમથી અને આધુનિક ટૅકનોલોજીના માધ્યમથી સમસ્ત કુંભમેળાનું સંચાલન કરવામાં આવી રહ્યું છે, કારણ કે દેશ-વિદેશના લગભગ ૪૦ કરોડ લોકો આ કુંભમેળામાં આવી ત્રિવેણીના સંગમમાં સ્નાન કરવાના છે.

આ કુંભમેળામાં સેંકડો સંપ્રદાયના હજારો સાધુઓ અને કરોડો ભક્તો ભિન્ન ભિન્ન વિચારધારા ધરાવતા હોવા છતાં એકસાથે અહીં રહે છે. ત્રણેક માસ એકસાથે રહી વિચારોની આપ લે કરે છે, સત્સંગ કરે છે, એ અદ્‌ભુત આશ્ચર્યજનક ઘટના છે. અનાયાસે આમ કુંભમેળામાં રાષ્ટ્રીય ચેતના અને ભાવનાત્મક એકતા પ્રાપ્ત થઈ જાય છે.

આધુનિક માનવના મનમાં પ્રશ્ન જાગે કે કુંભમેળાથી આપણને કોઈ આધ્યાત્મિક સંદેશ મળે છે ? આનું રાષ્ટ્રીય અને સામાજિક મહત્ત્વ હોઈ શકે, પણ તે આપણી આધ્યાત્મિક યાત્રામાં મદદરૂપ થાય ? કુંભમેળાની યાત્રા ખરેખર તો માનવને અમૃતની શોધની પોતાની યાત્રાનું સ્મરણ કરાવવા માટેનું પ્રેરકબળ છે, પોતાનો આધ્યાત્મિક વિકાસ કરવા માટેનું પુનઃસ્મરણ છે. વેદોમાં કહેવામાં આવ્યું છે -

इयं कल्याणी अजरामर्त्यस्यामृता गृहे ।
यस्मै कृता क्षये स यश्चकार जजारसः ॥

'આ કલ્યાણકારક, અજર, અમૃતરૂપ આત્મા મરણશીલ માનવના માટીના ઘરમાં વિરાજમાન છે, પણ વિડંબણા એ છે કે અમૃતને ધારણ કરનાર જીવ આને ઓળખતો નથી.'

સંતો કહે છે કે આ દેહ એ જ ખરેખર માટીનું ઘર-એક કુંભ છે, જેમાં આત્મારૂપી અમૃત રહેલું છે. કુંભમેળો આપણને સ્મરણ કરાવે છે કે આપણી જીવનયાત્રાનું લક્ષ્ય આ અમૃતને પામવાનું, અમરત્વ મેળવવાનું છે. જ્યાં સુધી અજર, અમર આ આત્માનો સાક્ષાત્કાર નથી થયો, ત્યાં સુધી આપણને સાચું સુખ, સાચી શાંતિ કાયમી શાંતિ ન મળી શકે.

આ અમૃતને મેળવવા ક્ષીરસાગરરૂપી ચિત્તને વિવેક-વિચાર, ધ્યાન દ્વારા વલોવવું પડશે. શરૂઆતમાં હલાહલ નીકળશે, ખરાબ વિચારો. અચેતન મનના સંસ્કારો જાગૃત થશે. તેનાથી ગભરાયા વગર સાધના ચાલુ રાખવી પડશે. અંતમાં અમૃત અવશ્ય પ્રાપ્ત થશે. આ માટે બૃહસ્પતિ (ગુરુ), ચંદ્ર (મન) અને સૂર્ય (ઈન્દ્રિયો)ની સહાય લેવી પડશે.

વૈદિક કાળથી જ માનવ અમરત્વની શોધમાં છે. બાહ્ય કુંભમેળો આ શોધમાંનું પ્રતીક છે. વેદોની સુપ્રસિદ્ધ પ્રાર્થના કહે છે – 'मृत्योमां अमृतं गमय' (મૃત્યુથી અમને અમરત્વ તરફ દોરી જા.)

અમરત્વ આપણો જન્મસિદ્ધ અધિકાર છે. તેથી આપણાં ઉપનિષદોએ આપણને 'अमृतस्य पुत्राः' એવું સંબોધન કર્યું છે. श्रृण्वन्तु विश्वे अमृतस्य पुत्रा आ ये घामानि दिव्यानि तस्थुः ॥ वेदाहमेतं पुरुषं महान्तमादित्यवर्णं तमसः परस्तात् । तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय ॥ (श्वेताश्वतर

उपनिषद, ૨.૫, ૩.૮) સ્વામીજીએ શિકાગોની ધર્મસભામાં ઉપનિષદની આ વાણી ઉચ્ચારતાં કહ્યું હતું, 'શાશ્વત સુખના વારસદારો ! કેવું મધુર અને આશાજનક સંબોધન ! ભાઈઓ, મને તમને, — સૌને એ મધુર નામથી સંબોધવા દો — હિંદુઓ તમને પાપી તરીકે ગણવાનો ઈન્કાર કરે છે. તમે સૌ પરમાત્માનાં બાળકો છો, શાશ્વત સુખના સહભાગીદાર છો. પવિત્ર અને પૂર્ણ છો.'

આ પૃથ્વી પરના ઓ દિવ્ય આત્માઓ ! તમને પાપી કેમ કહી શકાય ? માનવને પાપી કહેવો એ જ પાપ છે - માનવસ્વભાવ પર એ કાયમી લાંછન છે; ઓ સિંહો ! તમે ઘેટાં છો, એ ભ્રમજાળ ખંખેરીને ઊભા થાવ. તમે અમર આત્માઓ છો, સ્વતંત્ર આત્માઓ છો, તમારા ઉપર આશિષ ઊતરેલા છે, તમે અનંત છો, ભૌતિક પદાર્થો નથી, તમે માત્ર દેહ નથી, ભૌતિક પદાર્થો તો તમારા ગુલામો છે, ભૌતિક પદાર્થોના તમે ગુલામ નથી.

મહાકુંભપર્વ આપણા શરીરરૂપી કુંભમાંના આત્મારૂપી અમૃતને મેળવવાની સાધના માટેની પ્રેરણા આપે છે - શાશ્વત આનંદ અને શાંતિનો સંદેશ આપે છે.

**સૌજન્યસ્વીકાર**

**—સ્વામી નિખિલેશ્વરાનંદજી**

**(જીવનનું સત્ય)**

# ॥ પરમાત્માની શોધ ॥

એક મિત્રએ પૂછ્યું છે : ભગવાન મેળવવા માટે આટલો બધો મુશ્કેલ, લાંબો અને કષ્ટમય માર્ગ કેમ છે ? તેને મેળવવા માટે સુગમ, સરળ અને આનંદમય માર્ગ કેમ નથી ?

માર્ગ કષ્ટમય જરાય નથી, કે નથી કઠિન. તે રસ્તો તો ખૂબ જ સરળ, સુગમ અને આનંદપૂર્ણ છે. પરંતુ આપણે જેવા છીએ, તેનાથી મુશ્કેલી ઊભી થાય છે. કઠિનાઈ રસ્તા-માર્ગને કારણે ઊભી નથી થતી. કઠિનાઈ આપણા કારણે ઊભી થાય છે.

અને જો પ્રભુનો રસ્તો ઘણો જ દુઃખોથી ભરેલો છે, કષ્ટોથી ભરેલો છે તેમ લાગે છે, તો તે એટલે લાગે છે કે આપણે જે બીમારીઓથી ભરાયેલ છીએ, તેને છોડવામાં કષ્ટ પડે છે.

અડચણ આપણી છે, રસ્તો તો એકદમ સરળ છે. તમે જો સરળ બની જાવ, તો રસ્તો બિલકુલ સરળ છે. તમે જો જટિલ હોવ, તો રસ્તો એકદમ જટિલ છે. કારણ કે તમે જ રસ્તો છો. તમારે તમારામાંથી જ પસાર થવાનું છે. અને તમારે પહોંચવું છે તો તમારે જાતને બદલવી પણ પડશે.

જેમ કે એક માણસ ચોર હોય, તો ચોરી છોડ્યા વગર તે એક ઈંચ પણ પ્રાર્થનાના માર્ગે વધી શકશે નહિ. પરંતુ ચોરીમાં રસ છે. ચોરીનો અભ્યાસ છે, ચોરી કરવામાં લાભ દેખાય છે, તેથી છોડવી મુશ્કેલ લાગે છે.

અને પરમાત્મા તો લાંબો અંતરનો લાભ છે. ચોરીનો લાભ તો તરત જ અને અહીં જ પ્રત્યક્ષ દેખાય છે. અને પરમાત્મા છે કે નહિ - એ પણ શંકાસ્પદ લાગે છે. ચોરી નહિ કરવાથી જે

લાભ ખોવાશે, તે પ્રત્યક્ષ દેખાય છે, અને પરમાત્મામાં જે આનંદ મળશે, તે બહુ દૂરની કલ્પના લાગે છે. સપનું લાગે છે. તો ચોરી છોડવી મુશ્કેલ પડે છે. હિંસા છોડવી મુશ્કેલ લાગે છે. ક્રોધ છોડવો મુશ્કેલ લાગે છે. પરમાત્માને કારણે આ મુશ્કેલી નથી, આપણા કારણે મુશ્કેલી છે.

જો તમે સરળ બની જાવ, તો રસ્તો જ નથી રહેતો. એટલી પણ મુશ્કેલી ન રહે કે રસ્તો ઓળંગવો છે. તમે જો સહજ-સરળ બની જાવ, તો તમે જોશો કે પરમાત્મા હંમેશાથી તમારી પાસે જ હતા, તમારી મુશ્કેલીઓને કારણે દેખાતા ન હતાં.

રસ્તો હોય, તો થોડોક તો મુશ્કેલ હોય જ. ચાલવું પડે. પરંતુ એટલું પણ અંતર નથી - મનુષ્ય અને પરમાત્મા વચ્ચે - કે ચાલવાની જરૂર પડે. પરંતુ આપણે ઘણા જટિલ છીએ. ઘણાં ગુંચવાયેલા છીએ. મેં સાંભળ્યું છે કે એક માણસ રાજધાની પાસે દોડતો-દોડતો જતો હતો. રસ્તા પર બેઠેલા એક માણસને તેણે પૂછ્યું : હું રાજધાની જવા માગું છું, કેટલી દૂર છે ? તો તે માણસે કહ્યું : કે હું જવાબ દઉં તે પહેલા તું મને બે પ્રશ્નના જવાબ આપ. પહેલાં તો એ કે તું જે બાજુ જાય છે તે બાજુ જેટલી જમીનનો પરિઘ છે તેટલી જ દૂર છે, કારણ કે રાજધાની પાછળ રહી ગઈ. જો તું એ જ બાજુ શોધતો જઈશ, તો જ્યારે આખી પૃથ્વી ફરીને જ્યારે પાછો ફરીશ, ત્યારે જ રાજધાની મળશે. જો તું પાછો જવા તૈયાર હો, તો રાજધાની બિલકુલ તારી પાછળ છે.

તો એક તો એ પૂછવા માગું છું કે, કઈ બાજુ જઈ રાજધાની શોધવી છે ? બીજો એ કે કઈ ચાલથી શોધવી છે ? કારણ કે

અંતર ચાલવા પર નિર્ભર થશે. જો કીડીની ગતિએ જવા ઈચ્છીશ તો ખૂબ જ દૂર છે. તો તમારી ઝડપ અને તમારી દિશા એ રાજધાનીના અંતરને નક્કી કરશે.

પરમાત્મા કેટલો દૂર છે, તે તમારી પર નિર્ભર કરે છે, કે તમે કઈ દિશામાં શોધી રહ્યાં છો, અને તેના પર નિર્ભર કરશે કે તમે કઈ ઝડપે ચાલો છો.

જો તમે ખોટી દિશામાં શોધી રહ્યાં હો તો ખૂબ મુશ્કેલ છે, અને આપણે બધા ખોટી દિશામાં જ શોધી રહ્યાં છીએ.

અને મજા તો એ છે કે અહીં નાસ્તિક પણ પરમાત્માને શોધી રહ્યો છે. પરમાત્માનો અર્થ છે : પરમ આનંદને, જીવનના અંતિમ અર્થને - પ્રયોજનને - સાર્થકતાને - જીવનનો અભિપ્રાય શું છે - તેને, નાસ્તિક પણ શોધી રહ્યો છે.

એવો માણસ પણ શોધવો મુશ્કેલ છે, જે પરમાત્માને શોધી રહ્યો ન હોય. હા, કોઈ ખોટે રસ્તે ખોટી દિશામાં શોધી રહ્યાં હોય, તો તે વાત અલગ છે. પરંતુ ઈશ્વરને શોધતા જ ન હોય, તે બની જ ન શકે. બની શકે કે તેની શોધને તે પરમાત્માનું નામ દેતો ન હોય. પરંતુ દરેક શોધ એના માટેની જ છે.

આનંદની શોધ, અભિપ્રાયની શોધ, અર્થની શોધ, તેની જ શોધ છે. પોતાની શોધ પણ એની જ શોધ છે. અસ્તિત્વની શોધ, પણ એની જ શોધ છે. આપણે શું નામ દઈએ છીએ, તે આપણા પર નિર્ભર છે.

તમે સૂરજને શોધવા નીકળ્યા હોવ, અને સૂરજની તરફ પીઠ કરીને ચાલતા હોવ, તો તમે હજારો માઈલ ચાલતા રહો, તો પણ સૂરજ દેખાશે નહિ.

અને એક મજાની વાત એ છે કે તમે હજારો માઈલ ચાલી ગયા હોવ, અને તમે પીઠ ફેરવો અને પાછા ફરીને જુઓ તો, સૂરજ તરત જ તમને દેખાઈ જશે, તેથી એક વાત ધ્યાનમાં લો.

તમે સૂરજ તરફ પીઠ રાખી હજારો માઈલ ચાલી ગયા હોવ, તો એ નહિ સમજતા કે જ્યારે સૂરજ તરફ મોઢું કરશો તો તમારે હજારો માઈલ ચાલવું પડશે, ત્યારે જ સૂરજ દેખાશે. સૂરજ તો મોઢું ફેરવતાં જ તે જ ક્ષણે દેખાઈ જશે.

તો પરમાત્માથી તમે કેટલા દૂર જતા રહ્યા છો તેનાથી કોઈ ફરક નથી પડતો. પીઠ ફેરવવા રાજી હોવ, તો તત્ક્ષણ પરમાત્મા દેખાઈ જશે.

તેની અને તમારી વચ્ચેનું અંતર વાસ્તવિક નથી, ફક્ત તમારી પીઠ ફેરવવાનું જ અંતર છે. ફક્ત દિશાનું જ અંતર છે. તે તમારી સાથે જ ઊભો છે.

તો પહેલી વાત એ સમજી લો કે, મુશ્કેલી રસ્તાની નથી. તેથી સરળ રસ્તાની શોધ ના કરો, સરળ થવાની શોધ કરો.

ઘણાય લોકો સરળ રસ્તાની શોધમાં હોય છે. તેઓ કહે છે - કોઈ શોર્ટ કટ ? તેમાં તેઓ બહુ જ થાપ ખાઈ જાય છે. કારણ કે પરમાત્મા સુધી પહોંચવાનો કોઈ શોર્ટ કટ રસ્તો નથી. કારણ કે પીઠ જ ફેરવવાની છે. આમા કોઈ શોર્ટ કટ ક્યાંથી હોય ? જો ફક્ત પીઠ જ ફેરવવાની હોય અને પરમાત્મા સામે આવી જાય, તો એનાથી સંક્ષિપ્ત હવે વધુ શું હોય ? તેનાથી વધુ સંક્ષિપ્ત ન હોઈ શકે.

પરંતુ આપણે ટૂંકા રસ્તાની શોધમાં જ મથીએ છીએ કેમ ?

આપણે એટલા માટે કોઈ એવા રસ્તાની શોધમાં રહીએ છીએ કે કોઈ એવો રસ્તો મળી જાય, જે સરળ હોય તેનો અર્થ શું ? તેનો અર્થ - જે મને ન બદલે.

જ્યારે આપણે પૂછીએ છીએ - સરળ રસ્તો, તો આપણે એવું પૂછીએ છીએ કે મને કોઈ એવી વાત બતાવો, કે હું જેવો છું તેવો જ રહું અને પરમાત્માનું મિલન થઈ જાય, મારે કંઈ જ કરવું ન પડે.

સરળનો અર્થ છે : પરમાત્મા મફતમાં મળી જાય. મારે કંઈ પણ છોડવું, તોડવું બદલવું ન પડે. હું જેવો છું એવામાં જ પરમાત્મા મળી જાય - આ તમારી અંદરની આકાંક્ષા છે. આ ક્યારેય નહિ થાય. જો આમ થવાનું હોત તો બહુ જ પહેલાં થઈ ગયું હોત. તમે ઘણાં જન્મોથી આ કરી રહ્યાં છો.

આ કઈ તમારી નવી શોધ નથી. ઘણાં-લાખો વર્ષોની તલાશ છે અને ભૂલ તેમાં એ છે કે તમે સરળ રસ્તો શોધો છો; સરળ વ્યક્તિત્વ નથી શોધતા. તમે સરળ બની જાવ, રસ્તો સરળ છે અને એ ફિકર કરવા લાગો કે હું કઈ રીતે સરળ બનું.

અને જીવનક્રાંતિની કોઈ પણ પ્રક્રિયા શોર્ટકટ નથી હોતી. કારણ કે, આપણે જે ઊંધા થવા માટે કર્યું છે, તેટલું સીધા થવા માટે તો કરવું જ પડશે. તેથી સરળ રસ્તાની વાત છોડી દો, અને ધ્યાન કરો - તમારી ગૂંચવણ પર.

તમારી ગાંઠને છોડવાની કોશિશ કરો અને ગાંઠ કઈ રીતે ખૂલશે - એક એક ગાંઠ - તેને ખોલવાની કોશિશ કરો. જેમ જેમ તમે ખોલતા જશો, તેમ જોશો કે પરમાત્મા તમારા માટે ખૂલતા જાય છે. અહીં અંદર તમે આંખ ખોલો છો, ત્યાં બહાર

પરમાત્મા ખૂલતા જાય છે. જે દિવસે તમે અંદર સાવ ઉઘાડા થઈ ગયા હશો. પરમાત્મા એકદમ સામે હોય છે.

બુદ્ધે કહ્યું છે...જ્યારે તેમને જ્ઞાન થયું, અને કોઈકે પૂછ્યું કે - તમને શું મળ્યું ? તો બુદ્ધે કહ્યું : મને મળ્યું કંઈ જ નથી. ફક્ત એને જાણી લીધું, કે જે હંમેશાથી મળેલું હતું. કોઈ નવી ચીજ મને મળી નથી. પરંતુ જે મારી પાસે હતી અને મને દેખાતી ન હતી તેનું જ દર્શન થયું.

તો બુદ્ધે કહ્યું કે એ ન પૂછો કે મને શું મળ્યું, વધારે સારું એ છે કે મને પૂછો કે શું ખોયું. કારણ કે મેં ગુમાવ્યું છે કંઈક જરૂર, પણ મેળવ્યું કંઈ જ નથી. મેં મારું અજ્ઞાન ગુમાવ્યું છે, મારી નાસમજી ગુમાવી, મેં ખોટા રસ્તે જવાની દિશા અને રીતે ગુમાવી, મેં ખોટું જીવન ગુમાવ્યું. મેળવ્યું છે. એમ કહેવું ઠીક નથી. કારણ કે, જે મેળવ્યું હતું, તે તો હતું જ. હવે જાણીને હું કહી શકું કે તે તો હંમેશાં મારી પાસે હતું. ફક્ત હું ખોટો હતો, તેથી મારી ઓળખાણ થતી ન હતી. જે મારી અંદર છુપાયેલું હતું, તેના સુધી પણ હું ન તો પહોંચી શકતો. કારણ કે હું ક્યાંક બીજે શોધી રહ્યો હતો.

સૂફી ફકીર સ્ત્રી થઈ - રાબિયા. એક દિવસે લોકોએ જોયું કે રસ્તા પર સાંજે અંધારામાં તે કંઈક શોધી રહી છે. તો લોકોએ પૂછ્યું : શું શોધે છે ? તેણે કહ્યું : મારી સોય ખોવાઈ ગઈ છે. તો બીજા લોકો પણ શોધવા લાગ્યા કે આ વૃદ્ધ સ્ત્રીની બિચારીની સોય મળી જાય. ત્યારે એક માણસે જોયું કે સૂરજ નમતો જાય છે, અંધારું થતું જાય છે. તો તેણે કહ્યું તારી સોય સાવ નાની છે, અને રસ્તો મોટો છે. છેલ્લે તારી સોય ક્યાં હતી ? કઈ જગ્યાએ

પડી છે તે ચોક્કસ જગ્યા બતાવ, તો અમે શોધી શકીએ. સૂરજ નમવા લાગ્યો છે.

તો રાબિયા કહે, 'એ પ્રશ્ન જ ન પૂછો, કારણ કે સોય તો મારા ઘરમાં પડી ગઈ છે.' તો એ બધા લોકો ઊભા રહી ગયાં કહે, 'પાગલ સ્ત્રી, જો ઘરમાં સોય પડી ગઈ છે, તો અહીં બહાર શું કામ શોધે છે ?' તો કહે, 'અંદર ઘરમાં પ્રકાશ નથી, બહાર પ્રકાશ છે અને પ્રકાશ વિના કઈ રીતે શોધું ? તેથી અહીં, શોધું છું.'

તમે પણ શોધી રહ્યાં છો, પણ તમને એ પણ ખબર નથી કે ખોવાયું છે ક્યાં ? તો જ્યાં સુધી એ બરાબર ખબર નથી કે પરમાત્માને ક્યાં ખોયા છે ? કે ખોયા છે કે નહિ - કે પછી ખોવાયા છે, તો અંદર કે બહાર ક્યાં ? આ ખબર નથી ત્યાં સુધી તમારી શોધ ભટકતી જ રહેશે.

પરંતુ તમે પણ રાબિયા જેવા છો રાબિયા પણ એ લોકો સાથે મજાક કરતી હતી, અને જ્યારે લોકોએ હસીને કહ્યું કે, 'પાગલ સ્ત્રી, જ્યારે ઘરમાં સોય ખોવાઈ છે, તો ત્યાં શોધ. અને ત્યાં પ્રકાશ નથી, તો ત્યાં પ્રકાશ લઈ જા, અહીં પ્રકાશમાં ન શોધ, કારણ કે જ્યારે બહાર ખોવાયું જ નથી તો, શું પ્રકાશ શોધી આપશે ? પ્રકાશ તો કેવળ બતાવી શકે - તો જ્યાં હોય, ત્યાં તું પ્રકાશ લઈ જા.'

તો રાબિયાએ કહ્યું, 'તમે બધા લોકો મારા પર હસો છો, પરંતુ હું દુનિયાની રીતે ચાલું છું. મેં બધા લોકોને બહાર શોધતા જોયા છે, અને બહાર કોઈનું ખોવાયેલ નથી. વિચાર્યું કે આ રીતે બરાબર છે - દુનિયાની રીતે જ ચાલવું.'

તમે ક્યાં શોધો છો ? તમે આનંદ ક્યાં શોધો છો ? કોઈ

ધનમાં શોધે છે. કોઈ મિત્રમાં, કોઈ પ્રેમીમાં કે કોઈ યશ કે પ્રતિષ્ઠામાં. આ બધી શોધ બહાર છે પરંતુ તમને પાકી ખબર છે કે તમે આનંદ બહાર ખોયો છે ? અને તમે આનંદ શા માટે શોધો છો. તમને જો આનંદની પહેલેથી જ ખબર નથી તો શા માટે શોધો છો ? આ જરાક વિચારવા જેવી વાત છે.

એ વસ્તુની શોધ થઈ ન શકે કે જેની આપણને પહેલાં અનુભવ ના હોય, તો શોધશો કઈ રીતે ?

બધાને લાગે છે કે આનંદ નથી, તો એનાથી એક વાત તો સાફ છે કે ક્યાંક ઊંડાણમાં ખબર છે કે આનંદ શું છે. નહીંતર આનંદ નથી - આમ તમે કઈ રીતે કહી શકો ? દુઃખ છે - આમ કઈ રીતે કહી શકો ? કારણ કે જેણે ક્યારેય અંધારું નથી જોયું, તે પ્રકાશ પણ નથી જાણી શકતો. અને જેણે ક્યારેય પ્રકાશ નથી જોયો, તે પણ નથી જાણી શકતો કે અંધારું શું છે. અંધારાની ઓળખાણ માટે પ્રકાશનો અનુભવ જોઈએ.

જો તમને લાગે છે કે : આ દુઃખ છે, તો તમને ક્યાંક ને ક્યાંક આનંદની ખબર છે, ત્યારે તો તમે વિચારી શકો કે આ જેવું હોવું જોઈએ તેવું નથી, આનંદ નથી, પીડા છે, દુઃખ છે.

બધાને દુઃખનો અનુભવ થાય છે. તેથી આધ્યાત્મની એક મૌલિક ધારણા થાય છે કે જાણે-અજાણે દરેકને આનંદનો અનુભવ છે.

કદાચ તમને પણ ખબર નથી, પરંતુ તમારી અંદર પણ આત્માના ઊંડાણમાં ક્યાંક આનંદની પ્રતીતિ થઈ છે - હજી છે.

**આભાર સહ**

**—સંપાદન : મા યોગ કુંદન (ઓશો)**

## ॥ જનક અષ્ટાવક્ર સંવાદ ॥

બે દિવસ પહેલાં અષ્ટાવક્ર મુનિની કથા સાંભળેલી એવા એક ભક્તે ભગવાનને પૂછ્યું કે, ‘‘કાલે આપ જે અષ્ટાવક્ર મુનિની વાત કરતા હતા તે એ જ જેમણે રાજા જનકને ઉપદેશ આપેલો ?’’

ભગવાને કહ્યું : ‘‘હા, અષ્ટાવક્રગીતા ઉત્તરભારતમાં જાણીતો ગ્રંથ છે, પણ દક્ષિણ ભારતમાં નહિ. હમણાં થોડા સમય પહેલાં જ વિશ્વનાથને એનો તમિલમાં અનુવાદ કર્યો છે.’’

એક આંધ્રવાસી ત્યાં બેઠેલા હતા. તેમણે પૂછ્યું કે ‘‘શું એ ગીતા તેલુગુ ભાષામાં પણ છે ?’’

‘‘હા, એ તેલુગુમાં છે. એ ગીતા કરતાં પણ અધિક, જનક અને અષ્ટાવક્ર વચ્ચે થયેલો સંવાદ, જે તેના ઉપદેશનું કારણ હતો, તે બહુ રોચક છે.’’ એમ કહીને ભગવાને અમને એ કથા સંભળાવી :

‘‘આપને કદાચ ખબર હશે કે મિથિલાના બધા રાજાઓ ‘જનક’ કહેવાતા. એમાંના એક જનકે આત્મજ્ઞાનની પ્રાપ્તિ પહેલાં કોઈ પંડિતને પોતાના શિક્ષા પાઠ્યક્રમનું આ વાક્ય વાંચતાં સાંભળ્યો, ‘બ્રહ્મજ્ઞાન તો એટલા ઓછા સમયમાં પણ પ્રાપ્ત કરી શકાય જેટલો સમય ઘોડાના પેંગડામાં એક પગ મૂકી દીધા પછી બીજા પેંગડામાં બીજો પગ મૂકતાં લાગે.’ એણે પંડિતને પૂછ્યું કે શું એ સાચી વાત છે, તો પંડિતે કહ્યું કે એ સંભવ છે અને એ વિષે લેશમાત્ર સંશયને સ્થાન નથી. રાજાએ કહ્યું કે એ તત્કાળ પોતાનો ઘોડો મંગાવીને આ શાસ્ત્રવાક્યની સચ્ચાઈનું પરીક્ષણ કરશે, અને એનું ઉત્તરદાયિત્વ એ પંડિત પર હશે. પંડિતે કહ્યું કે એ સચ્ચાઈ પ્રમાણિત કરવાની ક્ષમતા એનામાં નથી કિંતુ જે કંઈ શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે તે નિતાંત સત્ય છે, એમ એ ખાત્રીપૂર્વક કહી શકે છે.’’

"રાજા ક્રોધે ભરાયો અને બોલ્યો કે જો એને પ્રમાણિત ન કરી શકાતું હોય તો એ વાક્ય શાસ્ત્રમાંથી કાઢી નાખવું જોઈએ. તો પણ પંડિત ભયભીત ન હતો અને એણે કહ્યું કે શાસ્ત્રમાં જે કહેવામાં આવ્યું છે, તેની સત્યતા પર એને લેશમાત્ર શંકા નથી અને તેથી એ એની વિરુદ્ધ કશું જ નહિ કહે.

"રાજાએ તત્કાલ પંડિતને જેલમાં પૂર્યો અને નગરના બધા જ પંડિતોને બોલાવી લીધા. જ્યારે એણે શાસ્ત્રવાક્યની સત્યતા વિષે પ્રશ્ન કર્યો તો સૌએ કહ્યું કે એ સાચું છે પણ જ્યારે પૂછ્યું કે તમે એને પ્રમાણિત કરી શકો ? ત્યારે એમણે પણ પેલા પંડિતની જેમ કહ્યું કે એને પ્રમાણિત કરવા અમે અસમર્થ છીએ. તેથી એણે એ બધા પંડિતોને પણ જેલમાં પૂર્યા. સાથોસાથ એવો આદેશ આપી દીધો કે જે કોઈ પંડિત એના રાજ્યમાં પ્રવેશ કરે તેને રાજાની સામે લાવવો અને જો એનો ઉત્તર પણ બીજા પંડિતો જેવો જ હોય તો એને પણ જેલમાં નાખી દેવો. આખા દેશમાં આ સમાચાર પ્રસરી ગયા અને કોઈ બ્રાહ્મણે એ રાજ્યમાં પગ મૂકવાનું સાહસ ન કર્યું. થોડા સમય પછી અષ્ટાવક્ર મુનિ ત્યાંથી પસાર થયા. એ એક ઝાડ નીચે વિશ્રામ કરવા જતા હતા ત્યાં તેમણે બે બ્રાહ્મણોને જોયા. એમણે તેમને પૂછ્યું કે એ નગરનો રાજા કોણ છે ? એમણે ઉત્તર આપ્યો, 'એ રાજ્યના રાજા વિષે તમે શા માટે પૂછો છો ? એ નગરમાં જવાનો વિચાર છે ?' જ્યારે એમણે કહ્યું કે એ ત્યાં જવાનો વિચાર કરતા હતા એટલે જ ત્યાંના રાજા વિષે પૂછતા હતા, ત્યારે બ્રાહ્મણોએ કહ્યું, 'સ્વામી ! આ રાજ્યના શાસકે ઘણા બ્રાહ્મણોને કારાવાસમાં નાખ્યા છે, એટલે અમે આપને એ જ સલાહ આપીશું કે કૃપયા તમે ત્યાં ન જશો. જો કોઈ દુર્ભાગી બ્રાહ્મણ આ નગરમાં જતો રહે તો એને પૂછવામાં આવે છે કે શું

તમે શાસ્ત્રનું આ વાક્ય પ્રમાણિત કરી શકો છો કે જેટલો સમય ઘોડાના બેઉ પેંગડામાં પગ મૂકવામાં લાગે, તેટલા જ સમયમાં એક વ્યક્તિ આત્મજ્ઞાની થઈ શકે. અને જો એ એમ કહે કે પ્રમાણિત નહિ કરી શકે તો એને કારાવાસમાં પૂરી દેવામાં આવે છે.' આ સાંભળીને એ હસતા બોલ્યા, 'ઓહો ! તો આમ વાત છે ? તો તમે એક કામ કરો, મને એક પાલખીમાં બેસાડીને રાજાની સામે લઈ ચાલો. હું એ પ્રમાણિત કરી દઈશ કે શાસ્ત્રોનું વચન સાચું છે અને બધા જ બ્રાહ્મણોને જેલમાંથી છોડાવી દઈશ.' એ લોકો પ્રસન્ન થઈ ગયા અને તરત એક પાલખી લઈ આવ્યા. મુનિને એમાં બેસાડીને એ પાલખી ઉપાડી લીધી અને એને રાજાની સામે લઈ જઈને મૂકી. રાજા ત્યારે પોતાના દરબારમાં હતો.''

''રાજાએ જેવું મુનિનું ઉજ્જવલ મુખ જોયું કે એને એમની પૂજા કરવાની ઇચ્છા થઈ. એ તત્કાલ ભૂમિ પર સાષ્ટાંગ દંડવત્ પ્રણામની મુદ્રામાં હાથ જોડીને કહેવા માંડ્યો, 'સ્વામીજી ! આપનો અહીં આવવાનો ઉદ્દેશ્ય શું છે ? જો મારા યોગ્ય કોઈ સેવા હોય તો કહો.' પોતાના પ્રત્યે દાખવેલા સમ્માનથી સંતુષ્ટ થઈને મુનિ બોલ્યા, 'પહેલાં તમે મને એ કહો કે જે પંડિતોને તમે કારાવાસમાં પૂર્યા છે એમનો અપરાધ શું છે ? ત્યાર પછી જ બીજી વાતો થશે.' રાજા બોલ્યો, 'શાસ્ત્રોનું વચન છે કે એક વ્યક્તિને ઘોડાની એક રકાબમાં પગ મૂક્યા પછી બીજી રકાબમાં પગ મૂકતાં જેટલો સમય લાગે, એટલી વારમાં આત્મ-બોધની પ્રાપ્તિ કરી શકાય છે અને એ સૌ આ શાસ્ત્રવાક્યને પ્રમાણિત ન કરી શક્યા તેથી મેં એમને જેલમાં નાંખ્યા છે.' મુનિ બોલ્યા, 'કેવી બેહુદી વાત છે. શાસ્ત્રનું વચન જો પ્રમાણિત ન કરી શકાયું, તો માત્ર એ જ કારણથી શું એ જૂઠું છે એમ કહી શકાય ? હું ઘોષણા કરું છું કે એનો એક એક શબ્દ સાચો છે.'

'જો એમ વાત છે તો હું હમણાં મારો ઘોડો મંગાવું છું, તમને વિનંતી કરું છું કે શાસ્ત્રનું વચન સત્ય છે, એને પ્રમાણિત કરીને મુજ પર કૃપા કરો.' એટલે મુનિ બોલ્યા, 'તમારી ઈચ્છા શુભ છે તેથી હું પ્રસન્ન છું કિંતુ મારા ધારવા પ્રમાણે તમને એટલી જાણ તો હશે કે આત્મબોધની દીક્ષા એને ન દઈ શકાય જે એને યોગ્ય ન હોય. તમને મારી ઉપર પૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ. તમે પહેલાં એ પંડિતોને મુક્ત કરો જેમને તમે કારાવાસમાં પૂર્યા છે. પછી ઘોડા પર બેસીને જો તમે વનમાં આવશો તો ત્યાં હું તમારી યોગ્યતાનો નિર્ણય કરીને પછી તમને ઉપદેશ દઈશ.'

"ભરપૂર વિશ્વાસ દેનારાં મુનિનાં આવાં વચનો સાંભળીને રાજાની આતુરતા એકદમ વધી દઈ. એ જ સમયે બધા કેદીઓને છોડી દેવામાં આવ્યા. અષ્ટાવક્રને પાલખીમાં બેસાડવામાં આવ્યા અને રાજા પોતે ઘોડા પર બેસીને પોતાના સમ્પૂર્ણ દળ બળ સાથે વનમાં ગયો. એ લોકો એક વડના ઝાડ નીચે રોકાયા એટલે મુનિએ કહ્યું, 'આ બધું દળબળ અને તમારા પરિવારજનો પાછાં કેમ ન મોકલી આપવા ? દીક્ષા માટે આ બધું શાને ?' રાજાએ એ સૌને પાછાં મોકલી આપ્યાં અને હવે એ ક્ષણમાત્ર પણ સમય નષ્ટ કરવા નહોતો માગતો તેથી અષ્ટાવક્રની આજ્ઞા લઈને એક પગ ઘોડાના પેંગડામાં મૂક્યો અને જેવો બીજો પગ ઉપાડવા જતો હતો ત્યારે જ મુનિ બોલ્યા, 'ખમો, ખમો, ખમો, બીજો પગ ઉપાડતાં પહેલાં મારા પ્રશ્નોના ઉત્તર આપવા પડશે.' રાજાએ સ્વીકાર્યું એટલે મુનિએ પ્રશ્ન કર્યો કે, 'જે શાસ્ત્રોની તમે વાત કરો છો એમાં શું આ એક જ વાક્ય છે કે એ સિવાય પણ બીજું કંઈ છે ?' રાજાએ કહ્યું કે એમાં બીજી પણ ઘણી વાત છે. મુનિ કહે, 'એમાં એમ પણ લખેલું છે કે આત્મબોધ માટે ગુરુ હોવા આવશ્યક છે' તો રાજા

કહે, 'હા, લખેલું છે.' 'જો એમ છે તો પછી તમે પોતાનો ગુરુ બનાવતાં પહેલાં મારી પાસેથી ઉપદેશ દીક્ષાની માગણી કેમ કરો છો ?' ત્યારે રાજા બોલ્યો કે, 'હું શાસ્ત્રાનુસાર આ ક્ષણથી જ આપને મારા ગુરુ સ્વીકાર કરું છું.' એટલે મુનિ કહે, 'તો મારી દક્ષિણા ?' ત્યારે રાજા બોલ્યો કે એ તે જ ક્ષણથી પોતાનું તન મન અને ધન તથા પોતાના અધિકારની બધી જ વસ્તુઓ જે આ સંસારમાં છે તે ગુરુના ચરણોમાં સમર્પિત કરે છે અને એમને પ્રાર્થના છે કે તેઓ એનો સ્વીકાર કરે.''

''આ સાંભળતાં જ અષ્ટાવક્ર મુનિ પાસેની કોઈ ઝાડીમાં જતા રહ્યા અને સંતાઈ ગયા. રાજા પોતાના ઘોડાની એક રકાબમાં એક પગ મૂકીને એ જ સ્થિતિમાં, હાલ્યાચાલ્યા વગર એ જ સ્થિતિમાં રહ્યો. સૂર્ય અસ્ત થઈ ગયો. એના મંત્રી અને અન્ય લોકો રાજાના પાછા ન આવવાથી ચિંતિત થઈને વનમાં ગયા. એમણે જોયું કે પાલખી તો હતી પણ અષ્ટાવક્ર નહોતા ! રાજા હતા, મૂર્તિની જેમ જડ ! આ દૃશ્ય જોઈને એ સૌ આભા બની ગયા. રાજાના મંત્રીએ પાસે જઈને, રાજાને આમ અચળ રહેવાનું કારણ પૂછ્યું પણ એનો કંઈ ઉત્તર ન મળ્યો. ત્યારે એમને લાગ્યું કે કદાચ મુનિએ રાજા ઉપર કંઈ કાળો જાદુ કર્યો હોય, તેથી એ લોકો એને શોધવા માંડ્યા પણ મુનિ મળ્યા નહિ. એના મળવાની આશા છોડીને એ લોકોએ રાજાને પાલખીમાં નાખ્યો અને એને મહેલમાં પાછો લઈ આવ્યા. લાવીને એક પલંગ પર સુવાડી દીધો. જેમ સુવડાવ્યો હતો તેમ જ હાલ્યા ચાલ્યા વગર એ પડી રહ્યો. મંત્રીઓ આ જોઈને બહુ દુઃખી થયા, અને એમણે બધા જ ઘોડેસ્વારોને બોલાવીને આદેશ આપ્યો કે મુનિને શોધવા અને એમને લીધા વગર પાછા ન આવવું.

રાજાએ ન કંઈ ખાધું કે ન કંઈ કહ્યું. એના મોઢામાં જે પાણી નાખેલું તે પણ એણે ગળાની નીચે ન ઉતાર્યું. એવી સ્થિતિ જોઈને એની રાણી અને બીજા સગાં વિષાદમાં ડૂબી ગયાં. આ સમાચાર બધા પ્રજાજનોમાં પ્રસરી ગયા અને એમનામાં આતંકની લાગણી ઉત્પન્ન થઈ. સૂર્યોદય થવા સુધી ન રાજા ઉઠ્યો કે ન મુનિ પાછો આવ્યો. એ સૌ અધીરતાથી કશાક સમાચારની વાટ જોતા હતા ત્યાં સૂર્યાસ્ત ટાણે એક સેવક પાલખીમાં બેઠેલા અષ્ટાવક્ર સાથે ઉપસ્થિત થયો. મુનિને જોતાં જ મંત્રીઓ ક્રોધથી ધુંઆપુંઆ થવા માંડ્યા, કિન્તુ એમ વિચાર કરીને કે જો ગુસ્સો બતાવશું તો આગળનું કામ અટકી પડશે, એમણે વિનયપૂર્વક મુનિને પૂછ્યું કે, શું એણે રાજા ઉપર કોઈ કાળો જાદુ કરેલો ? મુનિ બોલ્યા, 'તમારા રાજા પર કાળો જાદુ કરીને મને શું લાભ થવાનો ? છતાં, તમે આ વાત તમારા સ્વામીને જ શું કામ નથી પૂછતા ?' 'અમે પૂછ્યું હતું, પણ રાજા તો કંઈ બોલી જ નથી શકતા, પાછલા બે દિવસથી નથી કંઈ ખાધું કે નથી પાણી પીધું. કૃપયા કંઈક એવું કરો જેથી એ કંઈ ખાય.' મંત્રીએ કહ્યું.''

ત્યારે મુનિએ રાજા પાસે જઈને કહ્યું, 'રાજા' તો એ બોલ્યો, 'શું આજ્ઞા છે સ્વામી ?' મુનિએ પૂછ્યું, 'મેં તારી પર શું કર્યું છે ?' 'કોણ કહે છે કે તમે કંઈ કર્યું છે ? આપે તો કશું જ નથી કર્યું.' એટલે મુનિ બોલ્યા, 'ઠીક છે તો પછી ચિંતા ન કરો, હવે ઊઠીને કંઈક જમી લ્યો.'

''રાજા ઉઠ્યો, જમ્યો અને સ્થિર થઈને બેસી ગયો. રાજાના મંત્રીઓએ મુનિને કહ્યું, 'અમ પર દયા કરો, કૃપાપૂર્વક અમારા રાજાને એમની મૂળ સ્થિતિમાં પાછા લઈ આવો.' મુનિએ એમ કરવાનું વચન દીધું અને એ સૌને બહાર મોકલીને બારણાં બંધ

કરી દીધાં, પછી રાજા પાસે જઈને પૂછ્યું કે એ શા માટે અચળ થઈને બેઠા છે ? રાજાએ તરત કહ્યું કે, 'સ્વામી ! આ શરીર પર મારો કોઈ અધિકાર નથી. આ હાથ અને પગ હવે મારા નથી, આ જીભ મારી નથી, આ આંખો, આ કાન અને સમસ્ત ઇન્દ્રિયો કંઈ જ મારું નથી. આ રાજ્ય મારું નથી.' સાચું તો એ છે કે મારા શરીર, મન અને સંપત્તિ બધું જ આપને સોંપી દીધું છે. હું કંઈ જ કરવા સમર્થ નથી, તેથી હું આમ છું.''

''શ્રદ્ધા અને ભક્તિથી પરિપૂર્ણ આ વચન સાંભળીને મુનિ પ્રસન્ન થયા, સંતુષ્ટ થયા અને પોતાના બેઉ હાથ રાજાના મસ્તક પર મૂકીને બોલ્યા, 'પ્રિય વત્સ ! તું 'મુક્ત' થવા માટે યોગ્ય છો કે નહિ તે જાણવા માટે જ મેં તને આ પ્રાથમિક પરીક્ષણોમાંથી પસાર કરાવ્યો. હવે મને દીક્ષા માટે અધિકારી શિષ્ય મળી ગયો છે. હવે તું બ્રહ્મસ્વરૂપ છો, એક પ્રબુદ્ધ આત્મા ! એક એવો આત્મા જેણે જે કરવા યોગ્ય છે સર્વ કાંઈ કરી લીધું છે. અને બધું જ પામી લીધું છે જે પામવા યોગ્ય છે.' આ સાંભળી રાજાએ મુનિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા, અને મનમાં ને મનમાં અચરજપૂર્વક વિચારવા માંડ્યો કે હું કેવી રીતે બ્રહ્મજ્ઞાની થઈ ગયો ? હું તો હજી પૂરેપૂરો અજ્ઞાનમાં ડૂબેલો છું !'' તેથી એણે પૂછ્યું,

कथम् ज्ञानं अवाप्नोति ?
कथम् मुक्तिर् भविष्यति ?
वैराग्यं च कथं प्राप्तं ।
एतत ब्रूहि मम प्रभामो ॥

'સ્વામી ! મને કહો કે જ્ઞાન કેમ પ્રાપ્ત કરવું ? મુક્તિ કેમ થાય ? અને વૈરાગ્ય કેવી રીતે પ્રાપ્ત કરવો ?'

—સૌજન્ય : શ્રીરમણાશ્રમના પત્રો

# ॥ સાધનાથી સિદ્ધિ ॥

## (૨૧ એપ્રિલ ૧૯૮૪)

ગાયત્રી મંત્ર અમારી સાથે બોલો :

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ।**

દેવીઓ, ભાઈઓ,

ભાઈઓ, તમારામાંથી સેંકડો વ્યક્તિઓએ ફરિયાદ કરી છે કે અમને સાધનાથી સિદ્ધિ નથી મળી. અમે એટલા જપ કર્યા, એટલી પૂજા-પાઠ કર્યા, એટલું ભજન કર્યું, પરંતુ અમને તો કોઈ ચમત્કાર દેખાયો નહિ. મારા ખ્યાલથી તમારામાં મોટાભાગના એવા છે જે આવી ફરિયાદ કરતાં જણાય છે. તો શું પૂજાપાઠ, મંત્ર, જપ ખોટાં છે ? શું આ ઋષિઓની ધોખાબાજી છે ? બૌદ્ધિક માયાજાળ છે ? ના, તેવી વાત નથી. જો તમે તેવો વિચાર કર્યો હોય, જો તમે નિરાશ થઈ ગયા હોય કે પૂજાપાઠ સાધનાથી કોઈ લાભ નથી થતો, તો તમારા મનમાંથી આ વિચારોને કાઢી નાખો. હું તમને વિશ્વાસ અપાવું છું કે 'સાધનાથી સિદ્ધિ' અવશ્ય મળે છે.

તમારી સામે એવો સાક્ષી રજૂ કરવા માગું છું જેનાથી ચાહો તો તમો ચર્ચા કરી શકો છો અથવા ચાહો તો તેની પરીક્ષા પણ લઈ શકો છો. કોણ છે તે સાક્ષી ? તે હું પોતે જ છું. તમે મને કોઈ પણ પ્રયોગશાળામાં કોઈ પણ અદાલતમાં ઊભો કરો અને જુઓ કે આ માણસે સાધના કરી છે અને તેને સિદ્ધિઓ મળી છે કે નહિ ? તમો પૂરી ચર્ચા કરો તે પછી ખાત્રી થાય તો જ તેને સાચું માનો.

વાસ્તવમાં સાધનાથી સિદ્ધિનો જોડાયેલો સંબંધ છે. જેમ વાવવા તથા લણવાનો હોય છે. વાવશો તો લણશો પણ ખરા. તેવી જ રીતે તમે સાધના કરશો તો સિદ્ધિઓ પણ તમને જ મળશે. અમે સાધના બરોબર કરી છે જ્યારે તમે ખોટી રીતે કરી છે. માટે તમે ફરિયાદ કરતા જણાવો છો. ભૂલ તે છે કે ફક્ત બીજ વાવવું પૂરતું નથી, તેમાં ખાતર પાણી આપવાં પણ તેટલાં જ જરૂરી છે. ખાતર તમો આપશો નહિ, પાણી પાશો નહિ તો તમારી આશા સફળ નહિ થાય. ફળ લાગશે તે વાત ખોટી. અમે સાધનાનું બી વાવ્યું. સાથે ખાતર પાણી પણ આપ્યાં, માટે ફળ્યાં. ખાતર પાણી કેવી રીતે અપાય ? ચાલો હું તમને મારા જીવનની બે ઘટનાઓ સંભળાવું. ઘણી બધી છે પણ બે જ સંભળાવું છું.

એક છે...અમારા પિતાજી મને મહામના માલવીયાજી પાસે હિંદુ વિશ્વ વિદ્યાલયમાં લઈ ગયા હતા અને દીક્ષાસંસ્કાર કરાવ્યો હતો. માલવીયાજીએ અમને ગાયત્રી મંત્ર આપ્યો હતો, જનોઈ પહેરાવી હતી, અને એક ખાસ વાત કાનમાં કહી હતી, જે આજે પણ યાદ છે. તે છે...“ગાયત્રી જ કામધેનુ છે. માત્ર બ્રાહ્મણની કામધેનુ, કામધેનુ સ્વર્ગલોકની એક ગાય છે, જેનું દૂધ પીને દેવતાઓ અજર અમર થઈ જાય છે. ગાયત્રી મંત્ર બધા માટે નહિ, બ્રાહ્મણ માટે કામધેનુ છે. તેના માટે બ્રાહ્મણ બનવું જોઈએ. બ્રાહ્મણ તેને કહે છે તે લગભગ સામાન્ય નાગરિક જેવું જીવે અને બચેલો સમય સમાજ માટે વાપરે, જ્ઞાન અને વિચારમાં લીન રહે, સ્વાર્થને પરમાર્થમાં બદલી નાખે.” મેં આ વાત સારી રીતે સમજી લીધી. પિતાજી તથા માલવીયાજીને પૂછીને સમાધાન મેળવ્યું. તે વાત શીલાલેખની જેમ મનમાં બેસી ગઈ.

હું ગાયત્રી મંત્રનો જપ કરવા લાગ્યો. જપની સાથે તે વાત મનમાં સ્પષ્ટ રહી કે મારે બ્રાહ્મણ બનવાનું છે. બરોબર આ ખ્યાલ રહ્યો. તેનું ફળ શું આવ્યું ? પાંચ વર્ષમાં જ બ્રાહ્મણત્વ એટલું વિકસ્યું કે બીજા એક ગુરુ મારે ઘેર આવ્યા. પંદર વર્ષની ઉંમરે. આ જીવનની બીજી ઘટના. ગુરુ પોતે જ ઘેર આવ્યા. અમે તેમને શોધવા નથી ગયા. ગુરુ જાતે જ શોધતા આવે છે. તેમને શોધવાના ન જ હોય, કારણ કે પાત્રતા વિકસ્યા વગર કોઈ ગુરુ નથી આવતા. ફળ કાચાં હોય તો ખાવા કોઈ પક્ષી આવતું નથી, પણ ફળ પાકવાની સુગંધ આવતાં જ ન જાણે ક્યાં ક્યાંથી પક્ષીઓ આવી જાય છે અને ફળ ખાવા લાગે છે. તેવું જ થયું. હું બ્રાહ્મણત્વનું જીવન જીવ્યો. બદલામાં સૂક્ષ્મ શરીરે મારા ગુરુ મારી પાસે આવ્યા અને કહ્યું કે ગાયત્રીનો જે ભાગ બાકી રહી ગયો છે તે અમે તમને શીખવીશું. તેમણે કહ્યું કે ગાયત્રી મંત્ર તો આ જ છે, પણ તેની સાથે બીજો એક સિદ્ધાંત છે. વાવ્યું અને લણ્યું શું અર્થ છે ? જે કંઈ તારી પાસે છે તેને ભગવાનના ખેતરમાં બીજની જેમ વાવવાનું શરૂ કરો, અને તમારી પાસે સો ગણું વધારે થતું જશે. મકાઈ, બાજરો ખેતરમાં વાવીએ તો એક દાણાના સો દાણા પેદા થાય છે. તું વાવવાનું અને લણવાનું ચાલુ કર. મેં કહ્યું ક્યાં ? તેમણે કહ્યું ભગવાનના ખેતરમાં. મેં પૂછ્યું. ભગવાનનું ખેતર ક્યાં છે ? તેમણે કહ્યું સમગ્ર સમાજ ભગવાનનું જ વિરાટ રૂપ છે. કોઈએ પણ આજ સુધી ભગવાનને આંખથી નથી જોયા. તે નિરાકાર છે. વ્યાપક છે. તેને શી રીતે જોઈ શકીશ ? આગ તો દેખાય, ગરમીને શી રીતે જોશો ? હવાને શી રીતે જોશો ? ભગવાનને જોઈ ન શકાય, અનુભવી શકાય. બસ તું ભગવાનના ખેતરમાં વાવવાનું શરૂ

કર. તારી પાસે છે તે સંપત્તિને વાવ. પછી જો ! તને ચમત્કાર મળે છે કે નહિ. અમે કહ્યું. અમારી પાસે તો કંઈ નથી. આ ધોતિયું-ઝભ્ભો પહેર્યા છે તે છે. બસ. તેમણે કહ્યું, "ત્રણ ચીજ તો તું જ ભગવાનના ઘેરથી લઈને આવ્યો છે, ચોથી તું પુરુષાર્થથી કમાયો છે. ચાર ચીજ તો છે...આ શરીર સાથે જોડાયેલ સમય, શ્રમ અને બુદ્ધિ તથા ચોથી તારી સંપત્તિ. તે બધાને ભગવાન માટે લગાવ. તું લગાવીશ તો પછી જો જે. સો ગણું વધારે થઈને આવે છે કે નહિ ?"

સૂક્ષ્મ શરીરધારી તે ગુરુનું પણ કહ્યું મેં માન્યું. માલવીયાજીના કહ્યા પ્રમાણે મારું જીવન બ્રાહ્મણ જેવું કરવાની કોશિશ કરી. બ્રાહ્મણ એટલે સંયમી, સંયમી એટલે તે જેણે પોતાની ઈન્દ્રિયો, ધન, સમય અને વિચારો પર કાબૂ મેળવ્યો છે. બધી શક્તિઓ એકાગ્ર થઈ ગઈ. વેરાયેલું દારૂખાનું ભક્ક થઈને સળગી જાય. ઠાંસેલું દારૂખાનું ભડાકો કરી ગોળી ચલાવી કમાલ કરી દેખાડે છે. એકાગ્રતા આનું નામ છે. અમે અમારી જાતને એકાગ્ર કરી લીધી. જાત પર સંયમ કરી લીધો. ધ્યાનની એકાગ્રતામાં શું રાખ્યું છે ? ભલે ને કલાકો બેસો. ધ્યાનની નહિ પણ સમગ્ર જીવનની એકાગ્રતા જોઈએ. અમે અમારી જાતને દસથી પંદર વર્ષની ઉંમર સુધી, પૂરા પાંચ વર્ષ બ્રાહ્મણ બનાવવાનો પ્રયત્ન કર્યો. તે પાંચ વર્ષનું ચિંતન તથા વ્યવહાર પણ તેવો જ રહ્યો. અમે બ્રાહ્મણ હતા જ. ધનાઢ્ય બ્રાહ્મણના ઘરમાં અમારો જન્મ થયો છે. પરંતુ કોઈ પણ માણસ જન્મથી બ્રાહ્મણ નથી થતો. કર્મથી થાય છે. અમે કર્મથી બ્રાહ્મણ બન્યા છીએ. જ્યારે અમારી ઉંમર પૂરતી થઈ ત્યારે અમારી પાસે હિન્દુસ્તાનના મોટા-પહોંચેલા-સમર્થ પુરુષો આવ્યા. તેમણે એવું

સાંભળ્યું હતું કે આ માણસની વાણીમાંથી જે કંઈ નીકળે છે તે સો ટકા થઈ જાય છે. કેવી રીતે સાચું થઈ જાય છે ? શ્રૃંગી ઋષિનું નામ તમે સાંભળ્યું હશે. તેમણે એક શ્રાપ આપ્યો તો પરીક્ષિત રાજા માટીમાં મળી ગયા. અને વરદાન આપ્યું તો દશરથ રાજાને સંતાન ન હતું તેને એક સાથે ચાર પુત્ર થયા. તેમને આવી જીભ છે. દરેક માણસ બ્રાહ્મણ નથી હોતો. બ્રાહ્મણ કોમથી નહિ કર્મથી. તેમણે પૂછ્યું કે તમને આ સિદ્ધિઓ કેવી રીતે મળી ? અમને પણ શીખવો. અમે તેમને કહ્યું કે જેટલી સિદ્ધિઓ અમે મેળવી છે. તે અમારા બ્રાહ્મણ બનવાના કારણે છે. બ્રાહ્મણનો જ ચમત્કાર આજ સુધી લોકોએ જોયો છે. સાધના અને તપને તો તિજોરીમાં બંધ કરીને રાખ્યાં છે. તેને અમે આખા જગતના એક મોટા કાર્યમાં વાપરીશું. જે કહી દઈએ છીએ અને તેનું ભલું થઈ જાય છે. તે માત્ર આ બ્રાહ્મણની વિશેષતા છે.

પરંતુ જ્યારે અમે પહેલી ચોપડી છાપી. તેનું નામ રાખ્યું. 'ગાયત્રી બ્રાહ્મણની કામધેનુ છે.' તો લોકો ફરિયાદ કરવા લાગ્યા કે પુરાણખંડી પંડિતો પણ આવું જ કહે છે કે ગાયત્રી માત્ર બ્રાહ્મણોએ જપવી જોઈએ બીજી કોમવાળાએ નહિ. ત્યારે અમે કહ્યું કે બધા પાગલ છે. ક્યો વિષય ચાલે છે અને ક્યાંથી ક્યાં લઈ જાય છે ? વંશ જન્મથી નહિ કર્મથી ચાલે છે. મહાત્મા ગાંધી વાણિયા નહિ, બ્રાહ્મણ હતા, અમે કર્મથી બ્રાહ્મણ બન્યા. જ્યારે લોકોની ફરિયાદો પુસ્તક બાબતે આવી ત્યારે મેં કહ્યું. અરે ! આ તો લોકો ખોટું સમજ્યા. મેં શું કહેવા વિચાર્યું અને લોકો શું સમજ્યા ! હું કર્મથી બ્રાહ્મણ કહું છું. તેમણે જન્મથી મતલબ જોડી દીધો. ફરીથી ચોપડી છપાઈ તો મેં ''બ્રાહ્મણની કાઢી નાખીને લખ્યું. ગાયત્રી જ કામધેનુ છે. બસ ! આટલું જ નામ.

પરંતુ હજુ મારો વિશ્વાસ છે કે ગાયત્રી માત્ર બ્રાહ્મણની (મારી સમજનો) કામધેનુ છે. શું બીજા કોઈની છે ? ચોરની છે ? ના. ઠગની ઉઠાવગીરની, પ્રપંચીની પણ નથી. સાધના કરતાં પહેલાં બ્રાહ્મણ બનવું પડે છે. કપડુ રંગતાં પહેલાં ધોવું પડે છે. મેલા કપડા પર રંગ ન ચઢે. જાતને શુદ્ધ બનાવવા માટે, જીવન સાધના માટે સેવા કરવી પડે છે. પરોપકાર અને પુણ્ય વગર જીવનવિકાસ શક્ય નથી. સેવાકાર્ય વગર કોઈ સાધના સફળ થતી નથી. બ્રાહ્મણ-સાધુ અગાઉ આખી જિંદગી સેવા કરતા. આજે તો સાધુનું નામ પણ નથી દેખાતું. બાવાજી દેખાય છે, જે ભીખ માગે છે અને માળા ફેરવે છે, જેથી કોઈ રીતે રિદ્ધિ-સિદ્ધિ મળી જાય. આ જંજાળમાં હોય છે. અમે અમારું જીવન પ્રાચીન ઋષિઓના જીવન પ્રમાણેની સેવામાં લગાડ્યું છે. પૂજા કરવી હોય તો તે રાત્રે સૂતા પહેલાં અને સવારે સૂર્યોદય પહેલાં. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી અમે સમાજ સેવામાં લાગેલા રહીએ છીએ. આ અમારું ભજન આ અમારી પૂજા છે.''

અમે ચારેય સંપત્તિઓને ગુરુના કહ્યાનુસાર સમાજના ખેતરમાં વાવી. સમયને અમે સમાજમાં લગાડ્યો. શ્રમ પણ અમારો તે નિમિત્તે લાગ્યો. અમારા પરસેવાનું ટીપુંય વ્યાપાર-ધન કમાવામાં વાપર્યું નથી. બુદ્ધિએ કદી જાળ નથી પાથરી-ચોરી નથી કરી. માત્ર એવું વિચાર્યા કર્યું કે લોકકલ્યાણ કેમ થાય ? સમાજમાં સત્પ્રવૃત્તિ કેમ વધારાય ? બુદ્ધિ તેમાં લાગી. આ ત્રણે ચીજો વાવવાથી તમને શું મળ્યું ? સમયનો અમે સદુપયોગ કર્યો તો તેણે અમને પાંચ ગણું વધારીને દીધું. અમારી જિંદગીનાં લેખાંજોખાં લો તો, જુઓ કેટલું મોટું સંગઠન અમે એકલાએ ઊભું કરી દીધું. ૨૪ લાખનાં ૨૪ પુરશ્ચરણ સંપન્ન કર્યા.

શરીરના વજનથી પણ વધારે સાહિત્ય લખી નાખ્યું. પાંચ માણસ સતત આઠ કલાક કામે લાગી જેટલું કામ કરે તેટલું અમે દરરોજ કર્યું. અમારો સમય પાંચ સો ગણો થઈને અમારી પાસે આવી ગયો. થોડીક જીંદગીમાં જે કમાલ કરી બતાવી તે બસો વર્ષમાં પણ ન થઈ શકે.

શ્રમ અમે જનતાને સુખી કરવા માટે કર્યો. અમારા ઘરથી ખાલી હાથે કોઈ નથી ગયું. દરેકનું કહેવું છે કે જે કોઈ અમારે ઘેર આવ્યું તે ભૂખ્યો તરસ્યો પાછો નથી ગયો. બીમાર દવાદારૂ વગર નથી ગયા. કેમ કે અમે સેવા કરીએ છીએ. સેવા એટલે પ્યાર. પ્યાર એટલે સેવા. અમે બીજાને માટે જીંદગીભર શ્રમ કર્યો છે. પ્યાર આપ્યો છે. અમારી જિંદગી પ્યારથી છલોછલ ભરેલું સરોવર છે. લાખો માણસો અમારા ઈશારા પર ચાલે છે. અમારાં પ્રવચનોનું ફળ નથી પણ જીવનના તે બાગનું ફળ છે જેના દ્વારા અમે લોકોને પ્યાર કર્યો અને આપ્યો. બદલામાં આ બધું મળ્યું છે.

અમારી બુદ્ધિ એટલી મોટી કે અમે લાખો માણસોની વાંકી બુદ્ધિને ઉલટાવીને સીધી કરી નાખી છીએ. અમે ન એમ.એ. કર્યુ, ન કોઈ ડીગ્રી લીધી. પણ અમે આયોજન કરીએ છીએ. આખા સમાજનું, સમગ્ર વિશ્વના કાયાકલ્પનું પ્લાનિંગ જે કોઈ પણ તંત્ર-બોર્ડ-કમિશન કે કોર્પોરેશન ન કરી શકે. અમે જે સાહિત્ય લખ્યું છે તે વેદ-પુરાણ વગેરેનું ભાષ્ય છે. તેનાથી અંદાજ નહિ લગાવતા કે અમે કેટલા બુદ્ધિમાન છીએ. એ જુઓ કે અમારી બુદ્ધિ કેવી મોટી મોટી સાર્થક યોજનાઓ બનાવે છે. કઈ દિશામાં ચાલે છે. સમગ્ર યુગનું નવનિર્માણ કેવી રીતે થાય તે અમારી બુદ્ધિએ વિચાર્યું છે અને કરશે.

ચોથી સમ્પત્તિ અમારું ધન. ધન ક્યાં છે અમારી પાસે ? અમે તો કમાયા નથી. પણ પૂર્વજન્મનું કમાયેલું હતું જે અમારા પિતાજી મરતાં મૂકી ગયા. ૨૦૦૦ વીઘા જમીન અમારી પાસે હતી. અમે જ્યારે સમાજસેવાર્થે આપવા લાગ્યા ત્યારે છોકરાઓને પૂછ્યું કે વડીલપાર્જીત મિલકત હોવાથી કાયદેસર તમારો પણ હક્ક છે. પણ અમારી ઈચ્છા છે કે આ હક્ક તમે છોડી દો. કેમ કે કાયદા ચોરોએ ચોરો માટે બનાવ્યા છે. નૈતિક કાયદા જુદા છે. આ જાગીર સમાજને આપી દેવી જોઈએ. કહો તમારો શું મત છે ? બંને છોકરાઓ એ કહ્યું. પિતાજી ! તમે અમને ભણાવ્યા લાયક બનાવ્યા. અમારે એક પૈસો પણ ન જોઈએ. અમે બધી જમીનનું દાન કરી દીધું. પત્ની પાસે જે દાગીના હતા તે પણ વેચાઈ ગયા. હપ્તાઓથી અમે આપતા ગયા. તે હપ્તા આપતી ગઈ. પ્રથમ અમારા ગામની શાળામાં આપ્યો. જે હવે કોલેજ બની ગઈ છે. પછી ગાયત્રી તપોભૂમિમાં આપ્યો. તેમાં બીજાંનો ફાળો ખરો. પણ પહેલ અમે કરી. તમે શાંતિકુંજ જોયું છે. બ્રહ્મવર્ચસ્ જોયું છે. ૨૪૦૦ શક્તિપીઠો જોઈ છે. તે કરોડો રૂપિયાની બિલ્ડિંગો છે. એમાંથી અંદાજ આવશે કે કેટલું ધન અમે ભગવાનના ખેતરમાં વાવ્યું અને કેટલા ગણું થઈ ગયું. સહસ્રકુંડી યજ્ઞ અમે જ મથુરામાં કર્યો ત્યાંથી શરૂ કરી અહીંના રોજનો ખર્ચનો તમે હિસાબ લગાવો તો જણાશે કે લાખો રૂપિયા રોજનો ખર્ચ છે. કોણ જાણે ક્યાંથી આવે છે. અને અમે તો પ્રતિજ્ઞા કરી છે કે માણસ સામે અમે હાથ ધરીશું નહિ. પરંતુ ભગવાનને વટાવ્યા નથી. સાધનાની સિદ્ધિ જેટલી મળવી જોઈએ તેટલી મળતી ગઈ. હવે તમારો બચેલો સમય છે. તેના

વિશે બતાવો. જ્યાં સુધી અમારું શરીર છે ત્યાં સુધી વ્યક્તિ જ નહિ, સમાજ માટે અમારું રોમે રોમ લાગશે તે અમારો સંકલ્પ છે.

સાધનાથી સિદ્ધિનો સિદ્ધાંત ઉપાસના, સાધના, આરાધના એ ત્રણ સૂત્રો પર ચાલે છે. એ ત્રણ શું છે ? તે છે જમીન, ખાતર, પાણી, ભગવાનના ચરણોમાં અમે અમારી જાતને સમર્પિત કરી છે તેથી ભગવાન જેટલા શક્તિશાળી છે તેટલા જ અમે પણ થઈ ગયા. બળતણને આગમાં નાખીએ તો તે પણ તેટલું જ ગરમ અને આગ બની જાય છે. અમે પણ તેવા જ થઈ ગયા છીએ. આ ઉપાસના છે. સાધના અમે જિંદગીભર કરી છે. સાધના એટલે માળા જપવી તેવું નહિ. પણ સાધકનું જીવન જીવવાનું. અમે અમારી ઈન્દ્રિયોને સાધી છે. મનને, બુદ્ધિને કેળવ્યાં છે. સારી રીતે રાખ્યાં છે. આ સાધના છે. ત્રીજી આરાધના જેના માટે અમે તમને હમણાં જ કહ્યું તે છે સમાજ માટે, દેશ માટે, સંસ્કૃતિ માટે, ભગવાન માટે જીવન જીવવું. ભગવાનનું વિરાટ રૂપ આ જ છે. જનમાનસના વિકાસ માટે લાગી રહેવું તેને આરાધના કહે છે. અમે જીવનભર આરાધના, સાધના, અને ઉપાસના કરી છે અને તેવું પરિણામ અમારી સામે છે. તે તમો તમારા જીવનમાં જોવા ઈચ્છો તો તમે પણ પ્રયોગ કરી શકો છો. પછી તમે અમને બતાવો કે તમારી સાધના સિદ્ધિની દિશામાં ફળી કે નહિ ? અમારી વાત સમાપ્ત.

**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

**—આચાર્યશ્રી શ્રીરામ શર્માજી**

# ।। આધ્યાત્મિક મનુષ્ય કેવો હોય ? ।।

જાહેરમાં જ નહિ, સમૂહ આગળ જ નહિ, એકાંતમાં આઠે પ્રહર અસાધારણ સંવેદનશીલ રહેવું એ જ પ્રેમ-કરુણાની સ્થિતિ છે. હર પળ જાગૃત-સાવધાન-સજગ સંવેદના એ જ એની સાચી ઓળખ. ‘આ મૂળ અસલ સ્વરૂપ’ પમાય તો જ કંઈ થાય. એ માટે એણે ગુમાવેલું બાળપણ પુનઃ પ્રાપ્ત કરવું જ રહ્યું. અર્થાત્ જ્ઞાન-સમજપૂર્વક ‘નિર્દોષતાની સ્થિતિ’ પુનઃ પ્રાપ્ત કરવી એ જ ચેતનાનું પરાવર્તન છે. કારણ કે ચેતના કાળક્રમે અનુભવોનો ચિત્તમાં સંગ્રહ કરે છે, જે ચેતનાને અપારદર્શક બનાવે છે. જ્યારે નિર્દોષ પારદર્શકતા કશું છુપાવતી નથી, એમાં કશું આચ્છાદિત નથી.

મનુષ્ય ક્રમશઃ પુખ્ત થતાં કઠોર નહિ, મૃદુ-સ્થિતિસ્થાપક રહેવો જોઈએ. કોઈ વસ્તુ પરાણે નહિ, નિયંત્રણ વગર સિદ્ધ થાય. શાસન કે અનુશાસન નહિ, સ્વાતંત્ર્ય દ્વારા આત્મસંયમ સધાય. પ્રજ્ઞા પરિગ્રહોથી ખીચોખીચ ન હોય.

હૃદયના અભિગમમાં બુદ્ધિ-ભાવનાની એકરસતા હોય, તેની મધુરપ હોય. પ્રવેશવાનું શૂન્યને દ્વારે પણ જડ નહિ તરબતર ! સંપૂર્ણ પરિવર્તન એક સ્મિત માત્રથી માર્મિક સંપૂર્ણ અનુભૂતિ વ્યક્ત કરી દે. ભૂત-ભવિષ્યનો કોઈ ભાર નહિ. નવું સર્જન !

એ કર્મ કરે, ક્રિયા કરે, પ્રતિક્રિયા નહિ. કર્મબંધનથી મુક્ત. એ નિયંત્રણોની નીપજ નહિ, મુક્તિનું પ્રાગટ્ય છે. આવો મુક્ત માનવ જ માનવ છે-દાર્શનિક છે, તાત્ત્વિક છે, આધ્યાત્મિક છે.

‘અધ્યાત્મ’ એટલે શરીર-મનને વધુ સંવેદનશીલ બનાવવાં આપણને નિસબત છે એવા સંબંધોમાં કઈ રીતે વર્તવું. કેવી રીતે

બીજાના ગમતા-અણગમતા વ્યવહારોમાંથી પ્રભાવિત થયા વિના પસાર થવું. રોજિંદા જીવનની ગુણવત્તા અને એકમેકતા સંબંધોનું પોત સુધારે એ જ અધ્યાત્મ.

માનવ કેવળ શરીર-મનનો સરવાળો કરી, જીવવા માંડે તો એક વ્યવસ્થા-માળખાનો જડ એકમ બની રહે. પણ એનો પ્રાણ એની સર્જનાત્મકતા એને માટે અવકાશ ઊભો કરવાની શક્તિ છે - પ્રેમમાં !

જો આપણે ચેતન પ્રગટાવવું હશે તો વ્યવહારમાં ખંડનાત્મક ઊર્જાઓ ન આવે એવું આંતરિક સંતુલન વ્યક્ત કરવું પડશે. એને આત્મશક્તિ કે અધ્યાત્મ કહી શકાય.

માનવ માત્ર પ્રાણી નથી. વૃત્તિઓની પ્રાકૃતતાને સંસ્કૃત કરનારું બુદ્ધિ-વિવેકયુક્ત સામાજિક પ્રાણી છે. આ ત્રિ-પરિણામી જિંદગીને જીવતાં શીખે એ જ સાચો માનવ. એ જ એનો માનવધર્મ ! એ જ એની 'આધ્યાત્મિકતા !'

Acceptance and not ectasy or agony should be one's approach to the inceritable ups and downs of life.

જીવનની અ-નિવાર્ય ચડતી-પડતીમાં એનો અભિગમ હર્ષ કે શોકમાં નહિ, પણ સ્વીકારનો હોવો જોઈએ.

પરમ પ્રેમમયી 'મા' સર્વેશ્વરીની 'સાંપ્રત સ્થિતિ' જોતાં લાગે છે કે; તેઓશ્રી અહંકારના કેન્દ્રમાંથી ઉપર ઊઠી, સમગ્રતામાં પ્રતિષ્ઠિત થયાં છે. દેહ-મનમાંથી બહાર આવી, બાહ્ય પરિસ્થિતિ અને આંતરિક પ્રતિક્રિયામાંથી મુક્ત થઈ; તીવ્ર સંવેદનશીલતાથી સમગ્ર જગત સાથે અનુસંધિત છે.

પ્રાપ્ત દરેક પરિસ્થિતિ વચ્ચેથી ગૌરવભેર પસાર થઈ, આપણ સર્વને સાચી મુક્તિની દિશા ચીંધે છે.

તન-મનની સ્વસ્થતા માટે સાવધાની રાખી, અહર્નિશ જાગૃત રહી, વ્યક્તિત્વને ટુકડાઓમાં ખંડિત કરીને નહિ, અખંડ રીતે જીવે છે.

સઘળાં કાર્યો કરતાં-કરતાં સ્વયં અંતરંગ મૌનમાં રહી એવો પરમ આનંદ અનુભવે છે કે, જેનો પ્રકાશ આખા સંસારનું રૂપ બદલી નાખે છે.

સર્વ કોલાહલોથી ઉપર ઊઠી, યશ-સન્માન-પ્રચાર-જાહેરાતોના ઘોંઘાટથી પર રહી, મૌનના સંગીતમાં ઓતપ્રોત થવામાં જ એમને જીવનની કૃતાર્થતા જણાય છે. ઉપદેશનું સ્થાન પ્રબળ અંતર્મુખતાએ લીધું છે.

તેઓશ્રીની સાદાઈ, સરળતા, નિખાલસતા, પારદર્શકતા શ્રીરમણના શબ્દોને ચરિતાર્થ કરે છે :

'તમારું કર્તવ્ય આ કે તે નહિ, માત્ર હોવાનું છે.' હું છું તે છું. એમાં સંપૂર્ણ સત્ય સમાવિષ્ટ છે. એને પામવાની રીત છે. 'સ્થિર રહો.' જ્ઞાન (આત્મજ્ઞાન) પામવાનો સમય 'હમણાં' અને સ્થાન 'અહીં' જ છે. આપણે પરમાનંદરૂપ(ચૈતન્યસ્વરૂપ) અનંત કાળથી છીએ જ. તમે ચૈતન્યસ્વરૂપ છો જ. તે જ રહો.'

સાચા-સનાતન સુખ પ્રાપ્ત કરવાના બે જ માર્ગ છે : ઈશ્વરની સંપૂર્ણ શરણાગતિ-પૂર્ણ સમર્પણ અને આત્મવિચારનો માર્ગ.

પરમ પૂજ્ય શ્રી'મા'એ પહેલો માર્ગ પસંદ કર્યો છે અને એના પર અટલ છે, છતાં સમાંતરે બીજો માર્ગ પણ સ્વયંભૂ આકારાતો રહ્યો છે; એટલે જ તેઓશ્રીનું અસ્તિત્વ સદૈવ સ્થિર, શાંત, પ્રસન્ન છે.

**—સંકલન**

## ॥ જય જગન્નાથ ॥

સાંજે ૬-૪૫ થયા એટલે ગાડી ઉપડવા માટે જેવી આગળ સરકી તેવો જોરથી ''જગન્નાથ ભગવાન કી જય''નો બુલંદ અવાજ સ્લિપિંગ કોચના સ્પેશ્યલ ડબ્બામાં ગાજી ઉઠ્યો. આખા ડબ્બામાં મહદંશે અમારી મંડળીના જ સભ્યો હતા. ઓગણત્રીસ જણાનો એકીસાથે અવાજ ગુંજી ઉઠતાં વાતાવરણમાં એક પ્રકારની ચેતના જાણે કે પ્રકટી ઉઠી. સાંભળનારે પણ જાણે કે વિદ્યુતની ઝણઝણાટીનો અનુભવ કર્યો. સંકીર્તનનો પ્રારંભ અનેરા ઉમંગથી થયો. શ્રીજીતુભાઈ, કુંદનબહેન, પૂર્ણિમા, નાની ભૈરવી સહુ કોઈએ મધુર અવાજે એકતાનતાથી ધૂન ગવડાવી. પૂ.'મા'એ મને પણ ગાતો કર્યો હતો. સહજભાવે રચેલી નવી ધૂન ગવડાવી મેં પણ ઉમંગમાં ઉમેરો કર્યો હતો :

જય જય કરુણેશ્વરી મા જય જય માહેશ્વરી !
જય જય ભુવનેશ્વરી મા જય જય બ્રહ્મેશ્વરી !
જય જય સિદ્ધેશ્વરી મા જય જય સર્વેશ્વરી !

અમારા સંકીર્તને સહુ કોઈનું ધ્યાન ખેચ્યું હતું. ટિકિટચૅકર સુદ્ધાં અમારા સંકીર્તનથી આનંદિત થયો હતો. ગૌરાંગ પ્રભુના પ્રદેશમાં નાચતાં કૂદતાં, સંકીર્તનની મઝા માણતાં, રાત્રે સાડાબાર થઈ ગયા તેનું ભાન કોઈને રહ્યું ન હતું.

જોકે પૂ.'મા' તો આખી રાત જાગતા બેસી રહ્યાં હતાં. આજ દિન લગીની યાત્રામાં પૂ.'મા'ને બંધ ઓરડો મળતો એટલે અમને બધાંને તેમની ચર્યાનો ખાસ ખ્યાલ નહોતો આવતો. પરંતુ આજે તો તેમની રાત્રીચર્યાનો સંપૂર્ણ ખ્યાલ આવી ગયો. એક પણ ઘડી પરમાત્માની યાદ વિના ન જાય તેવી તેમની ચર્યા

હતી. આટલા લાંબા ઉપવાસ પછી પણ તેઓ લાંબા થઈને સૂતા નથી તે જોઈને, તે જાણીને, તેમના ચરણોમાં લક્ષકોટિ પ્રણામ કરવાનું જ મન થાય છે.

બરાબર બાર કલાકની ગાડીની મુસાફરી પછી અમે જગન્નાથપુરીમાં આવી પહોંચ્યાં હતાં. મુકામ પ્રાપ્ત કરતાં થોડી વાર લાગી હતી. વિલંબ થયો તે એકંદરે લાભદાયી જ નિવાડયો હતો. તાજી ઉદ્‌ઘાટન પામેલી નવી મકાનવાળી હૉટલમાં ઉતારો કરાવી પરમાત્માએ અમારા પર અપાર કૃપા કરી હતી. સુંદર ને સ્વચ્છ ઓરડાઓ, પાણીની સરસ વ્યવસ્થા અને સ્હેજ પણ ઘોંઘાટ નહિ તેવી એકાંત જગ્યાએ ત્રણ દિવસ પસાર કરવાની ખૂબ જ અનુકૂળતા રહી.

ત્રણે દિવસ અમે જગન્નાથના વિશાળ મંદિરમાં ઘુમ્યાં, નિરાંતે ફર્યાં ને ભગવાન જગન્નાથના શરણે બેસીને પરમાત્માની ભક્તિ કરી હતી. બીજે દિવસે તો આખી રાત મંદિર ખુલ્લું રહ્યું હતું. તેનો લાભ લેવા અમે રાતે પણ ભગવાનના દરબારમાં ગયાં હતાં. ચૈતન્ય મહાપ્રભુ જે સ્થળે ઊભા રહી ભગવાનનાં દર્શન કરતા તે સ્થળ પણ જોયું હતું. લાકડાની પ્રતિમા બહુ ઓછી જગ્યાએ જોવા મળે છે. આ મંદિરમાં દર બાર વર્ષે લાકડાની પ્રતિમા બદલી નાખવાનો નિયમ છે તે મૂર્તિને ચોક્કસ જગ્યાએ જ દફનાવવાની વિધિ કરવામાં આવે છે. નવી મૂર્તિ દર બાર વર્ષે વિધિસર સંસ્થાપવાનો ઈતિહાસ ઘણો પુરાણો છે. જે રીતે રથયાત્રા આ મંદિરની પ્રખ્યાતિ છે તે રીતે નવી મૂર્તિની સંસ્થાપના પણ જાણીતી છે.

અમને તો જગન્નાથ ભગવાન વૈભવી લાગ્યા. દરરોજ છ વખત ભગવાનને ભોગ ધરાવવામાં આવે છે. આ ભોગ તૈયાર

કરવા માટે ૪૫૦ બ્રાહ્મણો નિયમિત રસોડામાં કાર્યરત હોય છે. કુલે ૭૫૨ ચુલાઓ છે, જેના પર નિયમિત ભોગ તૈયાર કરવાનો વિશિષ્ટ નિયમ સદીઓથી ચાલુ છે. બધો મળીને પચાસ મણભાત તૈયાર કરી, ભગવાનને વિધિસર ધરાવી, શ્રદ્ધાળુ દર્શનાર્થીઓને પ્રસાદ તરીકે વહેંચવામાં આવે છે. વિધિસર પૂજા કરનાર જેમ ૧૪૪૦ પૂજારીઓ છે તેમ માટીનાં વાસણો બનાવનાર ૭૦૦ કુંભારનાં કુટુંબો છે. ભગવાનનો આવો વૈભવ રોજના હજારો માણસો દર્શન કરવા આવે તો જ પોષાય. કેટલાં બધાં માણસોને ભગવાન પ્રેરણા કરી નિયમિત પોતા તરફ આકર્ષ્યા કરે છે તે જોઈને ચકિત થઈ જવાય છે. વળી સદીઓથી જ આ નિયમ ચાલુ છે એમાં ઓટ આવી નથી. એમાં કોઈ ફેરફાર થયો નથી. ભગવાનની અકળ લીલાનો ઈતિહાસ ભારતના આ ભવ્ય મંદિરે સર્જ્યો છે. જેને જોઈજાણી શ્રદ્ધાળુ હૃદય ધન્યતાનો અનુભવ કરે છે.

અમારી યાત્રાનો બીજો પણ એક ધન્ય પ્રસંગ છે, જેને યાદ કર્યા વિના રહી શકાય એમ નથી. પૂ.'મા'નાં સંકલ્પબળનાં દર્શન જગન્નાથના દરિયાકિનારે થયા હતાં. વિષ્ણુસહસ્ર નામનો પાઠ સાંજે લગભગ સાડા પાંચે શરૂ કરવામાં આવેલો. તે દિવસે પૂનમ હતી એટલે મોટી ભરતીનાં મોજાંઓ ઉછાળા મારતાં હતા. અમે બધા અર્ધગોળાકાર બેઠાં હતાં ને પૂ.'મા' બરાબર વચ્ચે બેઠાં હતાં. લગભગ સો ફૂટ જેટલી દૂર ઊંચી જગ્યા પર બેસીને પાઠ ચાલુ કર્યો હતો. મારી પાસે ચશ્મા ન હતા એટલે હું સ્હેજ દૂર અલગ બેઠો હતો. મારી નજર સમુદ્રની ભવ્યતા પર મંડાયેલી હતી. આસપાસ જિજ્ઞાસાથી લોકો અવરજવર કરતા હતા. કોઈ તો શ્રદ્ધાથી પાઠ સાંભળતું હતું. મારું ધ્યાન આસપાસ

ગયું ત્યારે મને આશ્ચર્ય થયું. અમારી બંને તરફ મોજાંઓ ઉછળીને અમને પણ આંબીને ઊંચે જતા દેખાયાં. માત્ર અમે બધાં બેઠાં હતાં ત્યાં ને તેની આસપાસની થોડી જગ્યામાં મોજાંઓ ચાલીસ પચાસ ફૂટ દૂર જ રહેતાં હતાં. આ દૃશ્ય આશ્ચર્ય પમાડે તેવું હતું. મને ખાત્રી થઈ કે પૂ.'મા' એ સંકલ્પ કર્યો હોવો જોઈએ. પાઠ દરમ્યાન ચિ.કલ્પુને 'મા'એ એક ચિઠ્ઠીમાં પોતાનો સંકલ્પ લખી જણાવ્યો હતો તેની જાણ અમને પાછળથી થઈ હતી. 'મા'એ સંકલ્પ કરેલો કે પાઠ પૂર્ણ થાય પછી જ સમુદ્રદેવ પાદ પ્રક્ષાલન કરવા આવે ને ત્યારે જ અર્ઘ્ય પણ ધરી દઈશું. ખરેખર પાઠ પૂર્ણ થયો ત્યારે સમુદ્રદેવ એકાએક ઉછળીને પાદપ્રક્ષાલન કરી ગયો. ત્યારે અમારા હૃદયમાં આનંદની કોઈ સીમા રહી નહોતી. 'મા'ના સંકલ્પને કુદરતે પણ માન આપ્યું તે જેવી તેવી ઘટના ન કહેવાય. તે ઘટનાના સાક્ષી બનવાનું સદ્‌ભાગ્ય અમને સાંપડ્યું તે હકીકત પણ ભૂલી શકાય એવી નથી. આ પ્રસંગ દ્વારા પૂ.'મા' સંકલ્પસિદ્ધિની ઊંચી અવસ્થા પર આરૂઢ છે તેનો ખ્યાલ સહુ કોઈને આવી ગયો હતો.

સત્પુરુષો સંકલ્પથી મહાન કાર્યો કરે છે તે શાસ્ત્રગ્રંથોમાં વાંચ્યું હતું. ભૂતકાળમાં જગન્નાથપુરીના મંદિરને દરિયાલાલ નુકશાન પહોંચાડતા હતા. તેવો ઈતિહાસ આલેખવામાં આવ્યો છે. આજથી છસો વર્ષ પર સદ્‌ગુરુ કબીર સાહેબ ભગવાનના આ ધામમાં આવ્યા હતા. ત્યારે તેમની સમક્ષ જાહેરમાં સંત મંડળીએ ભગવાન જગન્નાથના મંદિરને થતા નુકશાનની હકીકત કહી સંભળાવી હતી. સમુદ્રથી થતું નુકશાન અટકે તે માટે આયોજન કરવાની વિનંતી કરવામાં આવી હતી. ત્યારે કબીર સાહેબે પણ સંકલ્પબળથી દરિયાલાલને કાયમને માટે દોઢ માઈલ

દૂર રહેવાની સૂચના કરી હતી. કહેવાય છે કે ત્યારથી આ દરિયો તેટલો દૂર જ રહ્યો છે ને કદી નુકશાન પણ થયું નથી. મેં આ વિશે વાંચેલું એટલે મને ખાત્રી થઈ કે જરૂર દરિયાકિનારે સદ્‌ગુરુ કબીર સાહેબનું કોઈ સ્થાન તો હશે જ. સ્થાન તો શોધી કાઢ્યું પણ જે હાલતમાં તે સ્થાન હતું તે જોઈને નિરાશા થઈ. નીચે લગભગ ચાલીસેક ફૂટ કબીર સાહેબનું નાનકડું મંદિર છે. જગ્યાની પવિત્રતા જળવાએલી ન હતી. લોકો ઝાડો પેશાબ કરી જતા હતા. છતાં હિંમત કરી હું નીચે ગયો હતો અને દર્શન કર્યાં હતાં. નીચે એક વૃદ્ધ પૂજારી હતો. આપણા લોકો પવિત્ર સ્થળોને જાળવી શક્યા નથી તેનો આ મોટો પુરાવો છે. બુદ્ધિશાળી માણસો ભલે આને દંતકથામાં ખપાવતા ! પરંતુ સદ્‌ગુરુ કબીર સાહેબના સત્ વિષે તો કોઈને શંકા નથી જ. તેમનું વ્યક્તિત્વ જ ચમત્કારિક હતું અને તેમણે ચમત્કારો દ્વારા જ જગતની જડતાને ઢંઢોળી હતી. તેના અનેક પુરાવાઓ તો છે જ તેથી આ જગ્યાની પવિત્રતા નથી જળવાઈ તેનું અંતરમાં ખૂબ દુઃખ થયું હતું.

બીજે દિવસે સવારે ભારતના બીજા એક મહાપુરુષની સમાધિનાં દર્શન કરી ધન્યતાનો અનુભવ કર્યો હતો. તેમનું નામ હતું શ્રી શ્રી યુક્તેશ્વરગિરિ. તેઓ પરમહંસ યોગાનંદજીના ગુરુ હતા. પરમહંસ યોગાનંદજી જગમશહૂર સંત છે. તેમણે ઈ.સ.૧૯૨૦માં અમેરિકામાં ભરાએલી બીજી ધર્મપરિષદમાં ભારતના પ્રતિનિધિ તરીકે હાજરી આપી હતી અને પોતાના ગુરુના આદેશ પ્રમાણે અમેરિકાને જ પોતાની કર્મભૂમિ બનાવી હતી. આ આશ્રમ શ્રી યુક્તેશ્વરગિરિનો પોતાનો જ હતો. આ આશ્રમમાં જ તેમણે ઈ.સ.૧૯૩૬માં સમાધિ લીધી હતી. જ્યારે

દેહ છોડવાની ઇચ્છા થઈ હતી ત્યારે યૌગિક શક્તિથી પરમહંસ યોગાનંદજીને ધ્યાન દ્વારા સંદેશો મોકલ્યો હતો ને તે સંદેશો તેમણે ઝીલ્યો હતો. તાર, ટેલિફોન કે ટપાલ વિના આ રીતે સંદેશા મોકલી શકાય છે તે જાણીને તે વખતના અમેરિકનો તાજુબ પામેલા. યોગાનંદજી સાથે કેટલાક અમેરિકનો આવ્યા પણ હતા ને ત્યાર પછી તેમણે દેહ છોડી દીધો હતો. તે આખો પ્રસંગ મને યાદ આવી ગયો. સમાધિ પર બેસીને થોડું ધ્યાન કર્યું અને પૂ.'મા'એ કીર્તન પણ કર્યું હતું. ત્યાર પછી અમે ધ્યાનના નાનકડા હોલમાં બેઠા હતા. જ્યાં અમને આશ્રમના યુવાન સંચાલકે અંગ્રેજીમાં ક્રિયાયોગ વિશે ઉદ્‌બોધન કર્યું હતું.

ત્યાર પછી ભગવાન શંકરાચાર્યે સ્થાપેલા મઠ પર ગયા હતાં. ત્યાં પણ સ્વચ્છતાનો અભાવ દેખાતો હતો. શંકરાચાર્યની કેટલીક નિશાનીઓ પણ અમને ત્યાં જોવા મળી હતી. ત્યાંના જગદ્‌ગુરુ બીજે ક્યાંક પ્રવાસે ગયા હતા એટલે તેમનાં દર્શન થઈ શક્યા ન હતા.

આ સિવાય અમે એક આખો દિવસ સો માઈલની મુસાફરી બસ દ્વારા કરી હતી. અને ભુવનેશ્વરનાં પ્રખ્યાત મંદિરોનાં દર્શન કર્યાં હતાં. આખરે સમય થઈ જતાં અમે ફરીથી કલકત્તા આવવા નીકળી ચૂક્યા હતાં ને બુલંદ અવાજે "જગન્નાથ ભગવાનની જય"ના નારાઓ ગાડીમાં ગજાવ્યા હતા.

**—શ્રી ઈશ્વરભાઈ પરમાર્થી**

# ।। 'દર્શન' એટલે શું ? ।।

આપણા દર્શનનો હેતુ છે, એમાં દ્વન્દ્વ છે, દ્વૈત છે. 'દર્શન ત્યાં, દ્દષ્ટા અહીં' એવો ભાવ છે.

આપણા બધા વ્યવહારો 'કર્તા-કર્મ-ક્રિયા'ના હરતાફરતા ત્રિકોણો છે. દર્શનમાં આ બધો જ વિસ્તાર દ્દષ્ટા-દ્દશ્ય-દર્શન !

જ્યારે ચેતનાના કેન્દ્રમાં 'જોનાર' કે 'જોવાની ક્રિયા' નથી. (આપણે તો દર્શનના પણ કર્તા રહીએ છીએ) 'દર્શન ઘટિત થાય છે.'

આમ દર્શન તો અદ્વૈતમાં છે. હાડમાંસની બહાર જે વિશ્વ છે અને અંતરમાં જે વિશ્વ છે, એના 'સંયોગ' થી દર્શન છે.

'આ સંબંધ નથી, સંયોગ છે.' (જ્યાં સુધી અહમ્‌ની ભૂમિકા છે ત્યાં સુધી સંબંધ ! સંબંધ વિના, સંબંધોની જાળ બીજાઓ પર નાખ્યા વિના અહમ્‌ને સંતોષ નથી.)

વળી, અહમ્ સંસાર-ધર્મ-અધ્યાત્મ-દેશસેવાના નામે સંબંધોની જાળ ફેલાવે છે, જેમાં પોતાને જ બંધાવાનું છે.

જ્યારે અહીં સમ્યક્‌રૂપે જોડાવાનું થાય છે, માટે સંયોગ છે. (સમ્યક્‌ત્વેન યુજ્યતે ઈતિ સંયોગઃ)

તો વિશ્વચેતના સાથે સંયોગ થતાં જે ઘટિત થાય છે તે દર્શન છે, અદ્વૈત છે.

આ નિર્દ્વન્દ્વતામાં કોઈ કર્તા, દ્દષ્ટા ન હોવાથી ત્યાં 'દર્શનની ઘટના ઘટિત થાય છે.'

આ સંયોગ છે, સ્પંદનનું મિલન છે. નિરહંકારી દર્શન છે. કેમકે, વ્યક્તિના હાડમાંસમાં જે વિનમ્ર ચેતના ભરેલી છે એનું વિશ્વચેતના સાથે મિલન છે.

એ મિલનમાંથી જે સ્પંદન-કંપન-દર્શન-વ્યવહાર-સહજતાની અભિવ્યક્તિ થાય છે, એને પ્રેમ કહો, કરુણા કહો.

વ્યક્તિ-વિશ્વચેતનાના સંયોગમાંથી જે જીવનની દિવ્યતા ઘટે છે એ અપૂર્વ છે, અનોખી છે. એ જીવનમાં તાજગી છે, એના પ્રત્યેક હલનચલન વાણી-દ્દષ્ટિમાં નિત્ય સ્ફૂર્તિ-તાજગી-સુગંધ છે. 'દર્શનપ્રાણિત અનુભૂતિ' એની 'નિત્ય નૂતનતાના અક્ષત' છે.

**—સંકલન**

## ॥ મન્સૂરની ઘોષણા ॥

મન્સૂરે ઘોષણા કરી દીધી : 'અનલહક ! હું ખુદા-બ્રહ્મ છું.' ઈસ્લામીઓથી એ સહન ન થઈ. એમનું માનવું હતું કે, 'ભક્ત, ભક્ત જ રહે, ભગવાન ન થઈ શકે.' તેઓ પથ્થરો લઈ એની પાછળ દોડ્યા.

મન્સૂરે જ્યારે શિવલી પાસે નમાજ પઢવા ચટાઈ માગી. હત્યારાઓએ તેના બંને પગ કાપી નાખ્યા ત્યારે તે બોલ્યો : 'ધન્યવાદ. ખુદાની વજૂ કરવા પાણી નહિ, લોહી મળ્યું ! ખુદા તારી વજૂ આજસુધી હું પાણીથી જ કરતો રહ્યો, એ માટે મને ક્ષમા કરજે. મને ખબર જ નહોતી કે, લોહીથી જ અસલી વજૂ થઈ શકે છે.'

પછી એની આંખો ફોડી નાખવામાં આવી. પણ તેનું સ્મિત જીવંત બની જાણે કહેતું હતું 'તમે સ્મિત ન કાપી શકો.'

હત્યારાઓએ તેના પર છેલ્લે દયા લાવી કહ્યું, 'હવે અમે તારી જીભ કાપવાના છીએ. કંઈ કહેવું તો નથી ને ?' તો એણે કહ્યું : 'જેને મારે કહેવું છે તે તો જીભ વિના પણ કહી શકું છું. અને તમને કહેવા જેવું તો મારી પાસે કંઈ બચ્યું જ નથી. તમને કહી-કહીને તો આ હાલત થઈ !'

ખુદા આમને માફ કરી દેજે મારા તરફથી એમને વિશે કોઈ ફરિયાદ નથી. આ નાદાન છે બસ.

હૃદય ફરિયાદ ઓળખતું નથી. એ સદા પરિપૂર્ણ છે ખુદાના પ્રેમથી !

*

### ॥ શિવલીનું ફૂલ અક્ષમ્ય છે ॥

ફકીર શિવલી કે જેમણે મન્સૂરને નમાજની ચટાઈ આપેલી, તેણે એના પર ફૂલ ફેંક્યું ને મન્સૂરનું સ્મિત ખોવાઈ ગયું. એની

ફૂટેલી આંખમાંથી અશ્રુ વહેવા લાગ્યાં. મન્સૂરે કહ્યું; 'બીજાના પથ્થર ક્ષમા કરી શકાય. શિવલીનું ફૂલ અક્ષમ્ય છે. તે ભીડમાં પોતાને છૂપાવવા ચાહે છે. ભીડ તેને મારા મિત્ર તરીકે ઓળખી ન જાય, એટલે તે ફૂલ ફેંકી રહ્યો છે.' હવે સંન્યાસી જો સમાજથી મુક્ત ન થાય તો તેના સંન્યાસની કિંમત શું ?

મન્સૂર પોતાની અનુભૂતિ-પ્રતીતિ-સત્યથી વિપરીત ન જઈ શક્યો. એનું પરિણામ ક્રૂર-કઠોર આવ્યું. જ્યારે શિવલીની સમજ બૌદ્ધિક રહી, ખીલી ન શકી, ખુલ્લી ન થઈ શકી.

મન્સૂર હસે કે રડે ત્યારે એમાં ઊંડો અર્થ હોય છે. એના જેવી વ્યક્તિ જે કંઈ કરે છે, એના અર્થ બહુ સૂક્ષ્મ હોય છે; જે ઉઘાડતાં સદીઓ વીતી જાય !

*

## ॥ શુદ્ધ પ્રત્યક્ષીકરણ ॥
## (તમારું હોવું જ પર્યાપ્ત)

પ્રભુ તો નિરાકાર છે. આકારો આપણે બનાવીએ છીએ. આપણી ચાહ, આપણી વાસના રામ-કૃષ્ણ ઊભા કરે છે. તેથી જ કહેવાયું છે કે; 'જો રામ-કૃષ્ણના ભક્તોને એક ઓરડામાં પૂરી દેવામાં આવે તો રામના ભક્તને ધનુર્ધારી રામ રાતભર પહેરા દેતા દેખાશે. કૃષ્ણના ભક્તને રાતભર કૃષ્ણની બંસરી વાગતી સંભળાશે. આ અનુભૂતિ, અનુભૂતિ નથી, પ્રક્ષેપણ છે. મનની ક્ષમતા, ગહનતમ છે તે પ્રક્ષેપણ (પ્રોજેકશન) સિદ્ધ કરી લે છે. આ 'માયાનો ફેલાવો' આપણા ચિત્તની વાસનાનો ફેલાવો છે.'

જ્યારે વાસના નિર્મૂલ થઈ, ચિત્ત નિર્મલ-નિર્વિકાર થઈ જાય છે ત્યારે રામ-કૃષ્ણની બધી પ્રતિમાઓ આપણે છોડી દઈશું અને ત્યારે જ અપ્રતિમ-નિરાકાર પ્રગટ થશે.

પોતાની બધી ચાહ એકાગ્ર કરી રામ કે કૃષ્ણની માંગ કરી તો એ માંગ ચાલ્યા જ કરશે. ભૂખ્યા-પ્યાસા, દિનરાત, ન નિદ્રા, ન ચેન ! આખા મનમાં એક જ ગૂંજ રામની કે કૃષ્ણની ! પછી તમે એની સાથે વાત કરશો. તમારો એકાલાપ જ હશે છતાં તમને લાગશે કે તેઓ ઉત્તર આપી રહ્યા છે ! તમે જ બે તરફથી જવાબ આપશો. મન આવી માયા નિર્મી લે છે.

એટલે જ્યાં સુધી રામ કે કૃષ્ણના દર્શનની ચાહ છે ત્યાં સુધી આપણે સત્યને જાણી શકીશું નહિ. પરમાત્માને તો ત્યારે જ જાણી શકાય જ્યારે આપણી કોઈ ચાહ નથી બચતી.

તેથી જ બુદ્ધ જેવા જ્ઞાનીઓએ ઇન્કાર કરી દીધો. કોઈ રામ નથી, કોઈ કૃષ્ણ નથી, કોઈ પરમાત્મા નથી, તમે એક જ કામ કરો. તમારી ચાહ-ઇચ્છા કાપી નાખો. પછી જે છે તે પ્રગટ થઈ જશે. તમે એને નામ ન આપો. (નહિ તો તમારી કલ્પના કોઈ નામ પકડી લેશે અને તમે ખેલમાં ડૂબી જશો.)

ચિત્ત જ્યારે ધારણાશૂન્ય બની નિષ્ક્રિય થઈ જશે ત્યારે તમે અચાનક ઉપલબ્ધ કરશો - આખું જગત બ્રહ્મથી ભરેલું છે. શોધ ન કરો, માત્ર જુઓ તે ‘શુદ્ધ પ્રત્યક્ષીકરણ’ હશે.

તમે નિર્માણ કરેલો સંસાર અદશ્ય થતાં જ, વાસનાનો પરદો હટી જતાં, અભિનવ-નવો સંસાર ઉદય પામેલો તમે જોશો.

તમારું હોવું જ પર્યાપ્ત ! ભીતરમાં અસ્તિત્વ પ્રત્યે અહોભાવ હોવો જ પર્યાપ્ત.

**—સંકલન**

## ॥ 'હે મા ! જો તું મને શીખવશે તો જ હું શીખીશ' ॥

### (એવી નિત્ય પ્રાર્થનાનો ઉત્તર : ભૈરવી)

પોતાના ભક્તોને 'કામિની કાંચનનો ત્યાગ' કરવાની સલાહ આપનાર અને સાધનાના દુર્ગમ પંથમાં સ્ત્રીમાત્રની હાજરી વિઘ્નરૂપ ગણનાર શ્રીરામકૃષ્ણે એક સ્ત્રીને પોતાના ગુરુનું સ્થાત આપ્યું એ હકીકત કોઈને કદાચ વિચિત્ર લાગે.

પણ હકીકત એ છે કે સ્ત્રી પ્રત્યે જોવાની દૃષ્ટિ જ મનુષ્યને આત્મસાક્ષાત્કારના માર્ગમાં સાધક કે બાધક નીવડે છે.

શ્રીરામકૃષ્ણ તો સ્ત્રીમાત્રને જગદંબાસ્વરૂપે જોતા. એટલે બ્રાહ્મણીનો ગુરુ તરીકે સ્વીકાર કરવામાં એમને કોઈ પણ પ્રકારનો સંકોચ શા માટે થાય ?

બીજો મુદ્દો એ કે આટલા સમય સુધી કોઈ બહારના ગુરુની સહાય વિના એમણે જે સાધના કરી હતી, તેમાં હવે પલટો આવતો હતો. સદાજાગ્રત અંતરાત્માની સહાયથી એમણે સચ્ચિદાનંદની અનુભૂતિ કરી હતી. પરંતુ દરેકને માટે એવી સાધના શક્ય નથી; એટલે બ્રાહ્મણીની સહાયથી હવે એ શાસ્ત્રોમાં વર્ણવેલાં પગથિયાં પાર કરીને આત્મસાક્ષાત્કારનું લક્ષ્ય સિદ્ધ કરવા તત્પર બન્યા હતા.

ત્રીજો મુદ્દો એ હતો કે બ્રાહ્મણીના આગમને સિદ્ધ કર્યું કે નિષ્ઠાવાન પુરુષને યોગ્ય વખતે ઈશ્વર સહાય આપી રહે છે. જો આધ્યાત્મિક પ્રગતિ કરવી હોય તો જરૂર છે તીવ્ર પુરુષાર્થની એ હશે તો બાકીનું બધું આવી મળશે.

ચોથો અગત્યનો મુદ્દો એ છે કે આટલા સમય સુધી શ્રીરામકૃષ્ણની જીવનસાધનાનું મૂલ્યાંકન દરેક જણ પોતપોતાની મતિ અનુસાર કરતું હતું. જ્યારે બ્રાહ્મણીનું આગમન થયું ત્યારે જ એક પ્રમાણભૂત વ્યક્તિ તરીકે તેમણે આ 'પાગલ' ગણાતા પૂજારીની સાધનાને સાચી રીતે મૂલવી.

આમ, આ મહાન સ્ત્રીના આગમન પછી જ શ્રીરામકૃષ્ણની મહત્તાનો સવિશેષ સ્વીકાર થવાનો પ્રારંભ થયો. એમના જીવનના છૂટા અંકોડાને યોગ્ય રીતે ગોઠવીને બ્રાહ્મણીએ એમના જીવનની મહત્તા પુરવાર કરી આપી. એમણે જ શ્રીરામકૃષ્ણના જીવનની ભાવિ દિશા નક્કી કરી આપી. જો કે 'પાગલ'માંથી 'અવતારી' પુરુષના પદે બિરાજમાન થવાની ઘડીએ પણ તેઓ તો 'નમ્ર ભક્ત' જ હતા.

**—'શ્રીરામકૃષ્ણદેવ'માંથી સાભાર.**

Regd. No. BVHO/113/2024-2026,
Renewed upto 31-12-2026. R.N.I. No. 71957/99

**આત્મસાક્ષાત્કારી મહાપુરુષોની ઉપસ્થિતિ જ કલ્યાણકારક ઠરે છે અને અન્યને માટે પ્રેરણાદાયક બને છે.**

**- શ્રીયોગેશ્વરજી**

Permitted to SPO's Bhavnagar, Posted at RMS Office Bhavnagar
on 1st of every month. Total Volume Pages 68,
Price per copy Rs.8/- Annual Subscription Rs.25/-